# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦/** (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઇ ભાવનગર–૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website “SWARGAROHAN.ORG”
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીપિનાકીન ના. જાની ૨. શ્રી આશીષ ગોહિલ ૩. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૪. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- ‘અધ્યાત્મ’ જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ ‘સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ’ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- ‘અધ્યાત્મ’ દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઇટલ પેઇજ સાથે કુલ પાનાં ૬૮.**

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website ‘swargarohan.org’**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી અમૂલ્ય સહાય | | |
| | શ્રી યોગેશ્વર ધ્યાન અને યુવા કેન્દ્રો, કેનેડા | ૩ |
| ભક્તની અવસ્થા | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત– | | |
| દક્ષિણ આફ્રિકાનો પુણ્ય પ્રવાસ(૫) | પૂ.મા શ્રી સર્વેશ્વરી | ૬ |
| પ્રેમ–સંગીત–કાવ્ય રચનાનો પરિચય | પ્રો.તરલા દેસાઇ | ૧૨ |
| હરિદ્વારમાં નવચંડી યજ્ઞ | વિનોદિની પટેલ | ૧૬ |
| આંસુ કોકનું લૂછી શકીશું? | નીલમ દોશી | ૧૯ |
| જલેબીનો પ્રસંગ | યોગેશ્વરજી | ૨૩ |
| વિષ્ણુ પ્રિયા–ભક્તિગંગાને તીર | જ્યોતિબેન થાનકી | ૨૫ |
| પૂ.મા સર્વેશ્વરીનું આંતર ઐશ્વર્ય | પ્રો.તરલાબેન દેસાઇ | ૩૨ |
| શ્રી સૂર્યનારાયણ યાત્રા(૧) | મા સર્વેશ્વરી | ૩૭ |
| શું શ્રદ્ધા વૈજ્ઞાનિક હોઇ શકે?– | | |
| દાન આપતાં કેવી ભાવના રાખવી? | આ.કલ્યાણબોધસૂરી | |
| શું ભગવાન ખરીદી શકાય? | હરિના મારગમાંથી | ૪૫ |
| ભુવનકારમાં ભગવાનનું ધ્યાન | વિનોબા | ૪૮ |
| પૂ.શ્રીની પુણ્યતિથિએ ત્રણ પુસ્તકોનું પ્રકાશન | તંત્રી | ૫૨ |
| પૂ.રણછોડદાસજી મહારાજની મહત્ત્વપૂર્ણ વાતો | | |
| | પૂ.રણછોડદાસજી મહારાજ | ૫૫ |
| ચમત્કારની કિંમત | ડૉ.આઇ.કે.વિજળીવાળા | ૬૦ |

# સદ્ભાવભરી અમૂલ્ય સહાય

પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ,

પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો.

આપના પુનિત સ્પર્શે વિદેશની ધરતી ઉપર કેનેડા—ટોરન્ટોમાં ૧૯૮૧ ના ડીસેમ્બરમાં શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રનો પ્રાદુર્ભાવ થયો.

મા સર્વેશ્વરીની નિયમિત થતી વિદેશયાત્રાથી શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર પણ પ્રારંભ પામ્યું.

આપે અમને જગાડ્યા, વ્યસન મુક્ત કર્યા, પવિત્ર પંથે પગલા ભરતા થયા અને શ્રી સુરેશભાઈ શાહના અતિનિયમિત પ્રયત્નોથી અને શિસ્તના પાઠ શીખતા સત્સંગ સુખ પામ્યા.

આપનું સ્થાપેલું **'અધ્યાત્મ'** માસિક અમને ૩૪ વરસથી આ સુખ ધરતું રહ્યું છે.

એવા અનંત ઉપકારોનું સ્મરણ કરતાં કરતાં અમે આ અંક આપના તીર્થચરણે અર્પણ કરતાં ધન્યતા અનુભવીએ છીએ.

**શ્રી વિકાસ શાહ** **શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર**
**શ્રી અનિલભાઈ લાડ** **શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર**
**ટોરન્ટો, કેનેડા.**



# ભક્તની અવસ્થા

**—યોગેશ્વરજી**

ભક્તિના રહસ્યનું જ્ઞાન થઈ જાય, પ્રભુના પ્રેમથી પાવન ને પરિપ્લાવિત થઈ જવાય, પછી ભક્તની અવસ્થા કેવી થઈ જાય છે? પ્રભુના મહિમાને જાણ્યા પછી ભક્ત પૂર્ણપણે પ્રભુમાં બંધાઈ જાય છે, ને દિવસરાત પ્રભુના જ સ્મરણમનનમાં સમય નિર્ગમન કરે છે. પ્રભુના ગુણાનુવાદને ગાઈગાઈ ને પ્રભુના પ્રેમરસમાં સ્નાન કરી ભક્ત કૃતાર્થ થઈ જાય છે, મસ્ત બની જાય છે, ને પ્રભુના જ પ્રેમનશામાં—પ્રભુની જ ઝંખનાના ઘેનમાં જીવ્યા કરે છે. ભક્તનું આ ભાવજગત અનોખું ને અનુપમ છે. પ્રભુ વિના બીજા કોઈનું યે સામ્રાજ્ય ત્યાં હોતું નથી પ્રભુ જ માતા, પ્રભુ જ પિતા, ભાઈ બેન ને પ્રિયમાં પ્રિય પદાર્થ—ભક્તને માટે પ્રભુ જ સર્વ કાંઈ હોય છે. જગતના અન્ય પદાર્થોના મોહનો નાશ કરી બીજી બધી જ આસક્તિને ફગાવી દઈ, ભક્ત પ્યારા પ્રભુમાં જ રાગ કરે છે, ને પ્રભુને જ પોતાના સાચા પ્રિય, સ્નેહી કે સ્વજન સમજે છે. તેની બધી જ પ્રવૃત્તિ એક પ્રભુને જ પ્રસન્ન કરવા, પામવાને પ્રભુની જ પાસે પહોંચવા માટે થતી હોય છે. ક્ષણેક્ષણનો ઉપયોગ તે આજ આદર્શને માટે કરે છે. તેના પવિત્ર દિલમાં રાતદિવસ પ્રભુ પ્રેમના ફુવારા ઉડ્યા કરે છે, જે કદિ બંધ થતા નથી, ને તેમાં જ તેને પરમ આનંદ તથા શાંતિનો અનુભવ થાય છે. શાંતિ કે આનંદ મેળવવા કોઈ બીજા પદાર્થનું શરણ તેને લેવું પડતું નથી.

ભક્તનો સ્વભાવ કેવો અનેરો હોય છે! વાસના ને દુષ્ટ વિચારના તરંગો ભક્તના ચિત્તને ચંચલ કરતા નથી. તેથી પ્રસન્ન

પુષ્પની જેમ ભક્ત સદાયે પ્રેમમગ્ન ને આનંદી રહે છે. સાગર જેમ સદાયે શાંત છતાં ઈશ્વરની આરાધના માટેના સતત પુરુષાર્થથી રંગાયેલો હોય છે.

ઈશ્વરની કૃપાનો વિચાર કરીને, ઈશ્વરના દિવ્ય મહિમાનો ખ્યાલ કરીને, ભક્ત ઈશ્વરી પ્રેમમાં ડૂબી જાય છે. માનવ શરીર જેવું સર્વશ્રેષ્ઠ શરીર આપવા બદલ તે ઈશ્વરનો આભાર માને છે, ને મુક્તિના દ્વાર જેવા માનવ જીવનનો બરાબર ઉપયોગ કરી ઈશ્વરદર્શન કરી લેવાની ઘડી તે ચૂકતો નથી. ઈશ્વરે રચેલી સૃષ્ટિનું નિરીક્ષણ કરી ઈશ્વરની અસીમ શક્તિનો તે ખ્યાલ કરે છે, ને દુઃખ તેમજ દરિદ્રતાથી મુક્ત થવા તેવા જ સમર્થ ઈશ્વરનું શરણ લેવાનો સંકલ્પ કરે છે આવો ભક્ત શાંતિ ને આનંદનું ધામ બને એમાં શું આશ્ચર્ય છે. ઈશ્વર પોતે પૂર્ણ શાંતિ ને પૂર્ણ આનંદનું સ્વરૂપ છે. તેની પાસે પહોંચનાર ન પહોંચવાનો પ્રયાસ કરનાર સર્વ વત્તેઓછે અંશે તે સ્વરૂપથી રંગાય છે, તેવા સ્વરૂપવાળા બની જાય છે.

★ કંઈક મેળવવા માટે જે આપે છે, તેને કશું નથી મળતું, પણ આપવા આનંદ ખાતર નિરપેક્ષભાવે જે આપે છે તેના પર ચારો તરફ અનરાધાર વરસવા લાગે છે.



# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૭ મે—૨૦૧૫ અંક ૮

## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ(૫)
### તા.૨૩/૧૧/૮૨, મંગળવાર, કારતક સુદ આઠમ
### ૨૦૩૯ પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર

આજે પૂ.શ્રી પોણા ચાર વાગ્યે સ્નાન કરી લે છે. સ્નાન બાદ નિયમિત વ્યાયામ કરે છે. અહીં ઠંડીની ઋતુ હોય એવું ભારતથી આવનારને લાગે છે. જેથી પૂ.શ્રીએ ૩૦ ને બદલે ૪૦ દંડ અને ૫૦ ને બદલે ૬૦ ઊઠકબેઠક કરવાની શરુ કરી છે.

હાલમાં દક્ષિણ આફ્રિકામાં ઉનાળો ચાલે છે એમ અહીં વસનારા કહે છે. આ દેશ આખો ડુંગરાળ છે. લીલી હરિયાળી જોવા મળે છે. ભારતમાં બધાં વૃક્ષો અહીં જોવા મળે છે. એકાદ માસમાં પાકી કેરી પણ અહીં મળશે. દરેક શાકભાજી, દરેક ફળ—તરબૂચ, કાકડી, પપૈયું બધું જ મળે છે. આ દેશમાં શેરડી પુષ્કળ થાય છે. પક્ષીઓમાં કબૂતરો જોવા મળે છે.

સાડા ચાર વાગ્યે મેં પણ સ્નાન કરી લીધું. પછી વ્યાયામ

અને સો માળાનો જપ કરી દૂધ પીધું. ત્યારબાદ થોડું લેખન કરી રામાયણનો પાઠ કરી લીધો. આજે ભારત પ્રથમવાર પત્રો લખ્યા.

બપોરની મુલાકાતમાં ખાસ પ્રશ્નોત્તરી ન થઇ. સાંજે ૩ થી ૫ સપ્તાહમંદિરમાં પ્રવચનનો કાર્યક્રમ હતો. ત્યાં ભારતના મુંબઇમાં રહેતા કથાકાર શ્રી હરિભાઇ મળ્યા. તેમણે કહ્યું : પૂ.શ્રી યોગેશ્વરજી જેવા સંતોનાં દર્શન મને અહીં પણ થયાં તે મારું સદ્ભાગ્ય છે. એમના આશીર્વાદ મારા પર વરસતા રહો, એટલું જ માગું છું. જેટલા દિવસ અહીં છું તેટલા દિવસ હું દરરોજ એમનાં દર્શનનો લાભ લઇશ. પૂ.શ્રી આવતી કાલે ફીનીક્ષ જનાર છે, તેથી શ્રી હરિભાઇને પણ આવવાનું આમંત્રણ પૂ.શ્રી આપે છે.

સાંજે ધ્યાનની બેઠક થઇ. પછી નાસ્તા બાદ આરામ.

**તા.૨૪/૧૧/૮૨, બુધવાર, કારતક સુદ આઠમ ૨૦૩૯**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

સવારે ૪ વાગ્યે અમે બન્ને સ્નાન કરી લઇએ છીએ. વ્યાયામ પણ નિયમ મુજબ થાય છે. મંત્રજપ પછી લેખન થાય છે. વચ્ચે દૂધ પીવાનું બને છે. સમયસર ભોજન લેવાનું બને છે.

આજની મુલાકાતમાં પ્રશ્નોત્તરી વિવિધ વિષય ઉપર થાય છે.

**પ્રશ્નઃ—**

આપનો કયો પંથ છે?

આપણે આપણા પતિને જ ગુરુ માનવા જોઇએ એમ કહેવાયું તેનો શો અર્થ?

ગુરુમંત્ર કોઇને કેમ ન કહેવાય?

ખેચરી મુદ્રા ને ષણ્મુખી મુદ્રા વિશે સમજાવો.



પૂ.શ્રીએ સંતોષકારક પ્રત્યુત્તર પૂરા પાડ્યા, જેનો સારાંશ નીચે મુજબ હતો.

બધા જ પંથ અમારા છે. પ્રભુના પંથે અમે કોઇ લેબલ માર્યું નથી. બધા જ પંથો સારી જ વાત કરે છે. સારા માનવ થાઓ. બીજાને મદદ રૂપ થાઓ. અમે પંથના ઝઘડામાં પડતા નથી.

પતિને ગુરુ માનવા એટલે કે પતિની સેવા કરવી. ઘરનું ધ્યાન રાખવું. આત્મકલ્યાણ કરવું હોય તો પતિ એ અંગે ગુરુ બનીને દોરી ન શકે, તેથી આત્મકલ્યાણ માટે સત્સંગ ગુરુ જરુરી છે.

જેને તેને જ્યાં ત્યાં આપણે શું કમાઇએ છીએ કે આપણે શું ખાધું તે જણાવતા નથી તેમ મંત્ર કયો જપીએ છીએ તે બધાને કહેવાની જરુર નથી. સંતો પૂછે તો કહો. જેને તેને કહેવાથી ઘણીવાર આપણી શ્રદ્ધા ડગી જાય છે.

ખેચરી મુદ્રા સંતો પણ કરતા નથી. તે ઘણી અઘરી ક્રિયા છે. જીભની અમુક નસ કાપીને જીભનું દોહન કરવું પડે. ષણ્મુખી મુદ્રા આ રીતે થાય એમ કહી પૂ.શ્રીએ માર્ગદર્શન આપ્યું.

થોડો આરામ કરી ત્રણ વાગ્યે અહીંથી ૧૬ કિલોમીટર દૂર ફીનીક્ષ આશ્રમ જોવા નીકળ્યાં.

સૌપ્રથમ શ્રી રામકૃષ્ણ સેન્ટરમાં ગયાં. ત્યાં કાર્યકર્તા ભાઇ શ્રી રતિભાઇની પુત્રી વીણાનું માટીકામનાં વાસણોનું પ્રદર્શન હતું. તે જોવા માટે જવાનું હતું. શ્રી રામકૃષ્ણ સેન્ટરના સ્વામી શ્રી શિવપાદાનંદજીએ સ્વાગત કર્યું. પોતાની જે બેઠક હતી ત્યાંથી ઊભા થઇ એ જ બેઠક ઉપર આગ્રહ કરીને પૂ.શ્રીને બેસાડ્યા. થોડી વાતો થઇ. સૌ પ્રદર્શન જોવા ગયાં ત્યારે પણ સ્વામીજીએ પ્રેમથી પૂ.શ્રીને ત્યાં જ બેસાડતાં કહ્યું : આપણે અહીં બેસીએ.

સૌ પ્રદર્શન જોઈને આવી ગયાં ત્યાં સુધી પૂ.શ્રી સાથે તેમણે વાતો કરી. સ્વામીજીનો પ્રેમાળ હાસ્યથી ભરપૂર ચહેરો કોઈને અજાણ્યું લાગવા દેતો ન હતો. ફરીથી શ્રી રતિભાઈએ વિનંતિ કરી એટલે સ્વામીજી પૂ.શ્રી સાથે પ્રદર્શન જોવા પધાર્યા.

પ્રદર્શનમાં સુંદર કારીગરીવાળાં માટીનાં વિવિધ આકારનાં પાત્રો વીણાએ બનાવ્યાં હતાં. વિવિધ ફૂલદાનીઓ પણ બની હતી. એક વરસમાં તેણે આ તૈયાર કર્યાં હતાં. મહેનત ઘણી હતી. કલાકાર વીણાની કલા સાચે જ ધન્યવાદને પાત્ર હતી.

સ્વામીજી અમને પૂ.શ્રી સાથે ઉપર સુધી વિદાય આપવા પધાર્યા. શ્રી રામકૃષ્ણ સેન્ટરમાં અહીં પણ પ્રવચન આપવાનું પૂ.શ્રીને ફરી આમંત્રણ આપવામાં આવ્યું. નીચા નમીને નમસ્કાર કરી સ્વામીજીએ પૂ.શ્રીને વિદાય આપી. પૂ.શ્રીના જાણે કોઈ છૂટા પડી ગયેલા ભકતાત્મા ન હોય એવું ક્ષણભર તો લાગતું હતું.

શ્રી રતિભાઈ પણ શ્રી રામકૃષ્ણદેવ ઉપર, વિશેષ કરીને મા શારદા ઉપર ભાવભક્તિ રાખનાર પ્રેમાળ પુરુષ છે. તેઓ સંસ્થાના પ્રમુખ છે. તેઓ અમને બન્નેને પોતાની શ્રદ્ધાભક્તિ મુજબ ઘુંટણીએ પાડીને નમ્રતા ને પ્રેમથી દરરોજ નમસ્કાર કરે છે. બીજા સૌ નમસ્કાર કરે તેમાં ને શ્રી રતિભાઈના નમસ્કારમાં ઘણો ફેર જણાય છે. શ્રી રતિભાઈ અહીંના મોટા વેપારીઓમાંના એક છે. તેમણે પૂ.શ્રીનું 'યોગદર્શન' પુસ્તક બે વર્ષ ઉપર જ વાંચ્યું છે. શ્રી રતિભાઈ અહીંની ધાર્મિક સંસ્થાઓમાં સક્રિય કાર્યકર્તા તરીકે રસ લે છે.

ડરબન શહેરથી ફીનીક્ષ ૧૬ કિલોમીટર દૂર છે. ગાંધીજીના નામ સાથે આ જગ્યા સંકળાયેલી છે. ગાંધીજી જે મકાનમાં રહ્યા



હતા તે મકાન એ જ સ્થિતિમાં હજી છે. જ્યાં બે નાના ઓરડા, બે મોટા ઓરડા ને બહાર ઓટલો છે. અંદરના ભાગમાં ગાંધીજીના ડરબનના ને બીજા ફોટાઓ મૂકવામાં આવ્યા છે.

મણીલાલ ગાંધી અને સુશીલાબેન આ સંસ્થા પાછળથી સંભાળતાં હતાં. તે પૈકી સુશીલાબેન હજી અહીં છે. વળી, ગાંધીજી સાથે કામ કરતા એક ભાઈ શ્રી રાજુ નામે પણ હતા. તેમની છોકરી અહીં જ રહે છે.

વિશાળ જમીન ધરાવતી આ સંસ્થાનું નામ મહાત્મા ગાંધી કિલનિક, ફીનીક્ષ છે. ગાંધીજી ડરબનથી અહીં ચાલતા આવતા હતા. આ સંસ્થામાં આંબો, દાડમડી જેવાં બીજાં વૃક્ષો, ગુલાબનાં ફૂલો જોયાં. વળી, એક છોડ પર ત્રણ રંગનાં ફૂલો થાય જેને અહીં યસટર–ડે, ટુ–ડે, ટુમોરો કહેવામાં આવે છે તે પણ જોયાં.

ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે અહીં એક પુસ્તકાલય પણ ખોલવામાં આવ્યું છે. તેનું મકાન અલગ જ છે. ત્યાં ગાંધીજીની ખુરશી, ટેબલ, કપડાં, વાળ, રૂમાલ વગેરે અને તે સમયની તસવીરો પણ જોવા મળે છે.

પુસ્તકાલયમાં ગુજરાતી પુસ્તકોનું પ્રમાણ પણ સારું છે. એ પુસ્તકોમાં પૂ.શ્રીનું 'ગાંધીગૌરવ' પુસ્તક પણ કબાટમાં જોવા મળ્યું. પૂ.શ્રીએ કહ્યું : અમે અહીં અક્ષરદેહે તો ક્યારના આવી ગયા છીએ. એ સાંભળીને શ્રી હરિભાઈએ કહ્યું : આજે વળી સ્થૂળદેહે આવ્યા. સૂક્ષ્મદેહે તો આપ અહીં જ હશોને.

પુસ્તકાલયની બીજી બાજુ એક શાળા પણ જોવા મળી. જગ્યા વિશાળ છે. હરિયાળી છે. આશ્રમમાં રહેવાની જગ્યા પણ છે, જ્યાં અહીં કામ કરનારા રહે છે.

ફીનીક્ષ આશ્રમ જોયા પછી દક્ષિણ ભારતનું એક મંદિર અહીં સૌથી જૂનું છે તેના દર્શને ગયાં. ઇ.સ. ૧૮૯૭માં આ મંદિર બંધાયેલું. એનું નામ શ્રી વૈદ્યનાથમ્ મંદિર છે. દક્ષિણનાં મંદિરોમાં જોવા મળતી મૂર્તિઓ અને દક્ષિણ ભારતનાં મંદિરોમાં અનુભવવા મળતી ધૂપની સુગંધ અહીં પણ હતાં. ઘણું જૂનું મંદિર છે. આસપાસ વૃક્ષો છે. મોરલાઓ પણ જોવા મળ્યા. હનુમાનજી, શિવાલય, જગદંબાનાં મંદિરો પણ એ મેદાનમાં આવેલાં છે. દક્ષિણ આફ્રિકામાં રામકૃષ્ણ મીશનની સ્થાપના, આ મંદિરમાં થતી દર મંગળવારની પ્રાર્થનામાંથી થઇ હતી. અહીં પીપળના વૃક્ષ ઉપર સુતર વીંટેલું જોવા મળ્યું.

બીજું એક મંદિર ૧૯૦૨ ના સપ્ટેમ્બરની ૮ મી તારીખે સ્થપાયેલું જોયું. તેનું નામ ઠાકુર દ્વાર. અહીં બહાર વૃક્ષની પાસે દશ—બાર લાલ ધજાઓ જોવા મળી. મંદિરમાં જેટલી કથા થાય તેટલી ધજા બહાર મૂકવામાં આવે છે. કોઇ પોતાના ઘરે કથા કરાવે તો તે ઘર પાસેના ઝાડ પાસે ધજા મૂકે છે.

આજે બહાર જવાનું થયું ત્યારથી શ્રી હરિભાઇ પણ અમારી સાથે હતા. તેઓ છ માસથી આ તરફના દેશોમાં કથા માટે ફરે છે. તેઓ પોતાના હાથે ભોજન બનાવી લે છે. એ નિયમ એમનો ઘણો સારો ગણાય. શ્રી હરિભાઇ સાથે પૂ.શ્રીએ સત્સંગની વાતો કરી.

ઉતારા ઉપર આવ્યા ત્યારે સાડા છ થઇ ગયા હતા. આજે ઉતારાની બહેનોને થોડાં આસનો બતાવ્યાં. પછી નાસ્તો, દૂધ લઇ આરામ.

(ક્રમશઃ)



# 'પ્રેમ—સંગીત' કાવ્ય રચનાનો પરિચય

—પ્રો.તરલા દેસાઇ

('પ્રેમ—સંગીત' કાવ્ય પુસ્તિકાના પ્રકાશન પર્વ અંગે પૂ.મા સર્વેશ્વરીએ જે આશીર્વાદ શ્રી જગુભાઇ અને એમનાં ધર્મપત્ની શ્રી નિર્મળબેનને આપ્યા—તેમાં તે દંપતીની મા જગદંબા પ્રત્યેની ભક્તિ—તેમજ પૂ.મા સર્વેશ્વરી પ્રત્યેનો ભક્તિભાવ કારણભૂત છે. એટલે પૂ.માના શબ્દો જ તે માટે જોઇએ.

—તંત્રી )

### અભિનંદન
### આશીર્વાદ

યુવાનીથી આફ્રિકા—કેનેડામાં વસ્યા અને યુવાનીથી જ નવરાત્રિનું વ્રત જીવનમાં પ્રારંભ પામ્યું.

૫૦ વરસથી દર નવરાત્રિને ફળાહારથી મઢવાનું, ચંડીપાઠ, દેવીભાગવત, પ્રકાશના પંથેના પારાયણથી સજાવવાનું પવિત્ર મંગલ કાર્ય જેમના જીવનમાં ચાલી રહ્યું છે.

તે શ્રી જગુભાઇ સાચે જ મા ભગવતીના પરમ ઉપાસક બન્યા તો શ્રી ગંગાજીના શ્રી અંકે મા ભગવતીની ઝાંખીનો પ્રસાદ પણ પામ્યા.

નવરાત્રિવ્રતનો આ અર્ધ શતાબ્દીનો ઉત્સવ નવચંડી યજ્ઞ દ્વારા શ્રી ગંગાજીના શ્રી અંકે મનાવી રહ્યા છે.

તે મંગલ ઉત્સવ પ્રસંગે આ પ્રેમસંગીતનો—દેવીસ્તુતિનો પ્રસાદ પણ જનસમાજને અર્પણ કરીને જાણે પોતાનું સઘળું પુણ્ય જનસમાજને ધરી રહ્યા છે.

ધન્યવાદ હે જગનિર્મલ! આપની શક્તિ ઉપાસનાને. આપની આ પ્રકાશન પ્રવૃત્તિને.

આ ઉપાસના જીવનનું પરમમંગલ ધરનારી બની રહો. અનંત જન્મો સુધી દેવીની આરાધના આ રીતે થતી રહો.

—મા

**॥ 'પ્રેમસંગીત' કાવ્યરચનાનો પરિચય ॥**

શ્રી યોગેશ્વરરચિત 'પ્રેમસંગીત' એક યુવાહૃદયનો પ્રબળ પ્રભુપોકાર છે. પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરી નોંધે છે તેમ; 'આ કૃતિમાં પોકાર છે, વેદના છે, તલસાટ છે. યુવાનીના ઉંબરેથી (૨૭ વર્ષની વયે) પાડેલા આર્તનાદ પૂજ્યશ્રીની આત્મદર્શનની ભૂખ દર્શાવે છે.'

શ્રી યોગેશ્વરે સ્વયં પણ આ રચનામાં કહ્યું જ છે :

**'નથી મારાં ગીતો રસિક ઉરના ફક્ત પડઘા**
**નથી તે શબ્દો કૈં પ્રણયભર શોખીન જનના**
**વહે છે લોહી ને રગરગમહીં પ્રેમ મધુરો**
**સમાયે ના હૈયે કવન મહિં તેથી ટપકતો.'**

શ્રી યોગ્શ્વરરચિત આ 'પ્રેમસંગીત' રચના પ્રબળ લાગણીઓનો ઊભરો તો છે જ પણ સાથે સાથે એમાં તાત્ત્વિક સમજણની સૂક્ષ્મતા પણ અપૂર્વ છે. જેમકે—

**'તમે છો કૃષ્ણ ને શંકર, વળી છો રામ ને શક્તિ.**
**તમોને તત્ત્વથી તે જાણતા, જે કરે છે ભક્તિ.'**

એટલે આ કાવ્ય બહુધા ઊર્મિછલકતું છતાં શ્રી યોગેશ્વરની ભીતરની સ્વસ્થતાની ઝલક આપતું રસમય ભક્તિસ્તોત્ર બની રહ્યું છે.



હિમાલયના દેવપ્રયાગમાં ઈ.સ.૧૯૪૯ની ૨૧મી જૂને આરંભાયેલું આ કાવ્ય ૨૭મી જૂને પૂર્ણ થાય છે. અને આપણને છંદોબદ્ધ પદ્યમાં રચાયેલું, ત્રણ ખંડોમાં વિભાજિત એક સળંગ દેવીસ્તુતિ—ભક્તિસ્તોત્ર પ્રાપ્ત થાય છે. પ્રચલિત છંદ શિખરિણીમાં શરુ થતું આ સ્તોત્ર હરિગીત, અનુષ્ટુપ, મંદાક્રાન્તા તેમજ વસંતતિલકામાં પણ ગતિ કરે છે.

કાવ્યના પહેલા ખંડમાં ૬૫ કડીઓ છે, બીજા ખંડમાં ૨૮ ને ત્રીજા ખંડમાં ૧૯ એમ કુલ ૧૧૨ કડીનું આ સળંગ કાવ્ય છે.

કાવ્યના પહેલા ખંડમાં માતાની શક્તિ તેમજ સૌંદર્યનું વર્ણન મુખ્ય છે.

**'તમે છો રૂપના ભંડાર, રસના શાંત સાગર છો**
**તમે સૌન્દર્યના શૃંગાર, અમૃત કે પરમ પદ છો.'**

એમ કહી કવિશ્રી પ્રાર્થે છે :

**'કરી દો કામનાસિદ્ધિ, પ્રેમીની કામધેનુ હે!**
**પ્રેમીના પ્રેમશબ્દોથી સંતોષાવું સદા ઘટે!'**

કાવ્યના બીજા ખંડમાં પ્રેમભાવનું આવર્તન પ્રબળ બને છે અને કવિશ્રી સ્પષ્ટ કહી દે છે:

**'હવે તો એક ક્ષણ પણ ના વિલંબ સહાય મારાથી'**

વિનમ્રભાવે વીનવે છે :

**'કાલાઘેલા કહ્યા શબ્દો, તેથી ખુશ થવું ઘટે'**

કાવ્યના ત્રીજા ખંડમાં કવિશ્રી કાકલૂદી કરે છે :

**'તમારા વિના શવ બધું વિના મૂલ્ય ને દીન**
**તમારા થકી થાય છે શવમાંથી શિવ જીવ.'**

આમ ત્રણ ખંડોમાં વિભાજિત 'પ્રેમસંગીત' કાવ્યરચના તેના રચયિતા પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરના અ–ખંડ, અ–વિભકત તેમજ અનન્ય પ્રભુપ્રેમનું પ્રતીક બની, અનુક્રમે તીવ્ર–તીવ્રતર–તીવ્રતમ ભાવાવેગમાં રાચતી–રાજવી હૃદયદ્રાવક દેવીસ્તુતિનું એક 'અનુપમ ભક્તિસ્તોત્ર' બની ભાવિકોના હૃદયોને ભીંજવી રહે છે.

'પ્રેમસંગીત' શીર્ષક કૃતિનું કેવળ નામાભિધાન નથી, એમાં સમગ્ર કૃતિનું હાર્દ સમાયેલું છે. આ કેવળ પ્રેમજન્ય સંગીત નથી, પ્રેમ સ્વયં જ સીધો સંગીતસ્વરૂપે પ્રગટ્યો છે. એટલે એને વધાવવા શ્રી પ્રેમેશ્વરે પ્રગટવું જ રહ્યું. ભક્તના આ વિશેષ પ્રેમાધિકારને પ્રતિષ્ઠિત કરતી આ રચના પૂ.શ્રી યોગેશ્વરની સર્જક પ્રતિભાનો પ્રબળ ટંકાર છે એમાં શંકા નથી.

–તરલા દેસાઇ

★ જે રીતે કવિતામાં ધર્મ ભળે એટલે કવિતા ભજન બની જાય, પ્રવાસમાં ધર્મ ભળે એટલે પ્રવાસ તીર્થયાત્રા બની જાય, ઘરમાં ધર્મ ભળે એટલે ઘર મંદિર બની જાય, તેમ ધરાવેલા ખોરાકમાં ધર્મ ભળે છે અને તેથી ખોરાક પ્રસાદી બની જાય છે.



# હરિદ્વારમાં નવચંડી યજ્ઞ

–વિનોદિની પટેલ

પરમ પૂજ્ય મા સર્વેશ્વરીનું દરેક દર્શન એ નિત્ય આધ્યાત્મિક ઉન્નતિનું ભાથું છે.

પરમ પૂજ્ય માનું શરણ એ જીવનો ઉધ્ધાર છે.

પરમ પૂજ્ય માની સંન્નિધિમાં તા.૧૭/૦૩/૨૦૧૫ના દિવસે યોજાયેલ નવચંડી યજ્ઞ એ સદ્‌ભાગી જીવોના જીવનનો અમૂલ્ય લહાવો હતો.

**નવચંડી યજ્ઞની વિગતો:–**

**નવચંડી યજ્ઞનું સ્થાન :–** મા ભગીરથીના કાંઠે હરિદ્વારમાં.

**કેન્દ્ર સ્થાને :–** મા ભગવતી પ. પૂ. મા સર્વેશ્વરીની ઉપસ્થિતિ

**પુરોહિતો :–** શ્રી પંડિતજી, શ્રી સ્નેહલભાઇ, તેમજ શ્રી કેયુર શાસ્ત્રીજી વગેરે.

**યજ્ઞના યજમાનો :–** શ્રી જગુભાઇ મિસ્ત્રી, શ્રી નિર્મલાબેન મિસ્ત્રી અને તેમનાં બાળકો, કેનેડાવાળાં.

**યજ્ઞનું નિમિત્ત કારણ :–** શ્રી જગુભાઇની એકધારી પૂરા પચાસ વર્ષની મા ભગવતીની નવરાત્રી આરાધના.

**યજ્ઞની વિશેષતાઓ :–**

પૂજ્ય માની સંન્નિધિએ પ્રાણ પૂર્યા. સાક્ષત દેવો, ગંધર્વો, સિદ્ધસંતોની સૂક્ષ્મ હાજરી જેણે વાતાવરણને દિવ્ય બનાવ્યું. ન કોઇ આવનજાવન, ન કોઇ અવાજ, ન કોઇ ગણગણાટ. દરેક ભાગ લેનાર પોતે જ યજમાન હોય તે રીતે સંપૂર્ણ મનહૃદયને

સમર્પિત કરી ગરકાવ થયેલ દેખાય.

**પૂ.માઃ—** સંપૂર્ણ સમય દરમ્યાન હાજરી, જેથી વાતાવરણમાં દિવ્યતા અને માર્ગદર્શન મળતાં રહ્યા. દરેક સાધકે પણ મા ભગીરથીને પ્રણામ કરી, બાવની કરી, મંત્ર જપ કર્યાં.

યજ્ઞ દરમ્યાન આ ત્યારે જ શક્ય બને જયારે પૂ.મા જેવા સંતની પ્રત્યક્ષ ઉપસ્થિતિ હોય, નહિતર મોટે ભાગે યજ્ઞોમાં વાતોના તડાકા, ચાના પ્યાલા, બધાં આવનાર દર્શન માટે નહીં પણ મેળાવડામાં આવતા હોય તેવું વાતાવરણ ઊભું કરે. જયારે અહીં ફક્ત ફક્ત ભગવતીમય વાતાવરણ. હાજર દરેક જીવને આજે જાણે પોતે જીવ્યા હોય, જીવન માણ્યું હોય તેવી અનુભૂતિ થઇ રહી.

**યજ્ઞ કરાવનારની વિશેષતા :—**

પવિત્ર સાત્વિક પુરુષ શ્રી પંડિતજીના સુમધુર અવાજે વાતાવરણને આહ્લાદક બનાવ્યું. શ્રી પંડિતજીએ નવચંડીના બધા અધ્યાયનું મહત્ત્વ સમજાવ્યું. વળી પૂ.શ્રીના સંસ્મરણોની યાદ કરતાં પ.પૂ મા શ્રી સર્વેશ્વરી કોણ છે? પૂ.શ્રી મા સર્વેશ્વરીને કેમ જગદંબા કહેતા, પૂ.શ્રીએ કપૂરાધામમાં પૂ.માનું સોડષોપચાર પૂજન કરેલું તે કેમ કર્યું? મા ભગવતીનો મહિમા કેવો હોય છે? મા ભગવતીનું શરણ શું છે? પૂ.શ્રીને પણ મા ભગવતી માટે કેવો અદ્ભુત પ્રેમ અને આદર હતો, વગેરે વગેરે ઘણી જ બધી આધ્યાત્મની વાતો સમજાવી, જેનાથી સાધકો અજાણ હતા. તે બધું જ શાસ્ત્રોને પ્રમાણભૂત ગણી અને જ્ઞાન પિરસ્યું. વળી પૂજય શ્રીનાં ભજનો વગર તો નવચંડી યજ્ઞ અધૂરો હોય એટલે દરેક પ્રસંગને અનુરુપ પૂ.શ્રીનાં ગવાતા ભજનોથી વાતાવરણ એટલું બધું જીવંત અને સાત્ત્વિક બની ગયું કે ગાંડાઘેલા નહીં પણ જાણે



પરમસિદ્ધ યોગીઓ સમાધિ દશામાં ડૂબેલા હોય તેવું દર્શન દિવસની બેઠકમાં સૌને થયું. આ કાંઇ લખવા ખાતર લખાયું નથી, પરંતુ તે દિવસે જે અંતરથી અનુભવાયું તે લખાયું છે.

**યજ્ઞની આહૂતિ :—** મા ભાગીરથીના તટ પર યજ્ઞ કુંડમાં ૧૦ થી ૧૨ વર્ષના બટુકો જે સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓ હતા તેમણે શુદ્ધ સંસ્કૃત વૈદિક શ્લોકો દ્વારા આહૂતિ આપી. દિવ્ય અને અદ્ભુત જીવનમાં કોઇપણ દિવસ આવું દશ્ય જોયું ના હોય. એવું એક સ્વપ્નવત્ લાગે તેવું દશ્ય સાચે જ જણાયું.

આ યજ્ઞમાં જેના ઘણા જન્મોનું સુકૃત (પુણ્ય) ભેગું થયું હશે તેઓ જ તેમાં ભાગ લઇ શક્યા. ત્રિવેણી સંગમ હતો, મા ભગીરથી, મા સર્વેશ્વરી તેમજ નવચંડીના મંત્રોનું શાસ્ત્રોક્ત ગાન. કેવો અદ્ભુત સુયોગ! કોઇ ભાગ્યશાળીના ભાગ્યમાં લખાયેલા હોય એવો વિરલ સુયોગ.

**—વિનોદિની પટેલ**

★ માનવીના જીવનમાં ભુલ તો થતી હોય છે, પરંતુ એ ભુલ ક્ષતિ કે દોષનો ગુણાકાર કરવો કે ભાગાકાર એ વ્યક્તિ પર નિર્ભર છે. એ ભુલ એના જીવનને અધોગામી બનાવે અથવા એના જીવનને ઉર્ધ્વાગામી એનું વિશ્લેષણ કરીને પોતાની જાતને જાગૃતિ સાથે ઉર્ધ્વગતિ કરાવે છે. આથી ભુલ એ જીવન શુદ્ધિનું કે જીવન નાશનું નિમિત્ત બને છે.

# એક આંસુ કોકનું લૂછી શકીશું?

—નીલમ દોશી

**એ આપણી વચ્ચે જ વહેંચાઇ ગયો અહીં,**
**બાકી હવે અલ્લાહ કે ઈશ્વર ઉપર નથી.**

સદીઓથી ધર્મને નામે વિશ્વમાં જેટલાં લડાઇ—ઝઘડા, યુદ્ધો થયાં છે એટલા બીજા કોઇ નામે…કોઇ કારણે નહીં થયા હોય. ફક્ત ભારતનો જ નહીં, સમગ્ર વિશ્વનો ઇતિહાસ તપાસીએ તો પણ સત્ય સ્પષ્ટ જણાઇ આવશે. માનવી ધર્મ માટે મરી ફીટવા કે અન્યને મારી નાખવા સુધ્ધાં તૈયાર હોય છે. જેહાદને નામે, અલ્લાહને નામે કે જન્નતને નામે અનેક નિર્દોષોનું લોહી રેડાતું રહે છે. વેરઝેર અને આતંકનું વિષચક્ર ચાલતું રહે છે અને દુઃખની વાત એ છે કે આ બધું પાછું ધર્મને નામે ચાલે છે. ધર્મ માટે મરી ફીટાય છે, પરંતુ ધર્મ માટે જીવવા કે સાચા ધર્મનો મર્મ સમજવા કોઇ તૈયાર નથી. નાની નાની વાતમાં ધાર્મિક લાગણી દુભાય છે. સાચા લોકોને ધર્મ માટે કંઇ બોલતાં પહેલાં અનેક વાર અટકવું પડે છે. ક્યારે, કોની લાગણી કઇ વાતમાં દુભાઇ જાય એનો ડર રાખવો પડે છે. ધર્મ માત્ર બાહ્ય ક્રિયાકાંડમાં સમાઇ ગયો છે. જે મંદિરે કે મસ્જિદે જાય, ભજનકીર્તન કરે કે નમાઝ પઢે એ ધાર્મિક, આસ્તિક, બાકી બધા નાસ્તિક કે અધર્મી…

સાવ સામાન્ય લોકોના રોજબરોજના જીવનમાં પણ ધર્મની કેવી કટ્ટરતા જોવા મળે છે એનો અનુભવ અનેક વાર થતો રહે છે.



હમણાં મારી એક મિત્ર, ઈલાક્ષીને ત્યાં સત્યનારાયણની કથા રાખી હતી. મારે વહેવાર ખાતર પણ એમાં હાજરી આપવી જરુરી હતી. ઈલાક્ષી સંયુક્ત કુટુંબમાં રહેતી હતી. આર્થિક રીતે સાધન—સંપન્ન ઘર હતું. કથા ચાલતી હતી ત્યારે ઈલાક્ષી થોડી વાર ત્યાં આંટો મારી ગઇ. ફરજના ભાગરુપે કંઇ કામકાજ હોય તો કથા તેની જેઠાણીએ રાખી હતી. મેં ઈલાક્ષીને કથામાં બેસવાનું કહ્યું તો ઈલાક્ષીએ પૂરી ગંભીરતાથી જે જવાબ આપ્યો તે સાંભળી હું તો ઘડીભર ડઘાઇ જ ગઇ.

મારાથી કથામાં ન બેસાય કે કથાનો પ્રસાદ પણ ન ખવાય.

'કેમ?'

'હું શ્રીનાથજીમાં માનું છું. ચુસ્ત વૈષ્ણવ છું. મારાથી એના પ્રસાદ સિવાય અન્ય પ્રસાદ ન ખાઇ શકાય. પાપ લાગે. અમારા ઘરમાં સૌ પોતપોતાનો ધર્મ પાળે છે.'

ધર્મ એ શ્રદ્ધાની વાત જરુર છે, પણ એ અંધશ્રદ્ધાની વાત તો હરગિઝ નથી જ. વૈષ્ણવજનનું ભજન પણ એ રોજ ગાતી હતી, પણ એનો વૈષ્ણવ ધર્મ ગાંધીજી જેવો ઉદાર નહોતો જ.

સાચો ધર્મ આ બધામાં ક્યાંક અટવાઇ ગયો હોય એવું નથી લાગતું? આ જ સંદર્ભમાં સ્વામી વિવેકાનંદના જીવનનો એક પ્રસંગ અહીં ટાંકવો ગમશે.

એક દિવસ બંગાળના એક લેખક પોતાના બે મિત્રોને લઇને સ્વામી વિવેકાનંદ પાસે એમનો ઉપદેશ સાંભળવા આવ્યા. આ બે મિત્રમાંનો એક પંજાબનો હતો.

તે વખતે પંજાબમાં ભયંકર દુકાળ ચાલતો હતો. અનાજની સખત અછત હતી. લોકોને બે ટંક પૂરતું ખાવા નહોતું મળતું. સ્વામીજીએ તે મિત્રને પંજાબના દુકાળ વિશે, લોકોની તકલીફ

વિશે વિગતવાર માહિતી પૂછી.

બધી માહિતી જાણ્યા પછી તેમણે આ સમયે શું કરવું જોઇએ, લોકોને કેવી કેવી રીતે રાહત પહોંચાડી શકાય, રાહતકાર્યમાં સમાજસેવકો અને આપણે સૌ કેવી રીતે ફાળો આપી શકીએ એની વિશદ છણાવટ કરી. આ સમયમાં લોકોને કઇ કઇ રીતે ઉપયોગી બની શકાય તેનું માર્ગદર્શન આપ્યું. આખો વખત સ્વામીજીએ એ જ વિષય પર વાત કર્યા કરી.

બંને મિત્રો વિદાય થતા હતા ત્યારે પેલા બંગાળી લેખકે કહ્યું, 'સ્વામીજી, અમે તો આપની પાસે ધર્મ વિશેનો ઉપદેશ સાંભળવા આવ્યા હતા, પરંતુ આપે તો ધર્મને બદલે સાધારણ બાબતો વિશે જ ચર્ચા, વાતો કરી. ધર્મની, ઈશ્વરની વાત તો આમાં ક્યાંય આવી જ નહીં.'

સ્વામીજીએ જવાબ આપ્યો, 'મારો કે આપણા બધાનો ધર્મ તો એ છે કે દેશનો એક પણ માણસ ભૂખ્યો ન સૂવો જોઇએ. એ ભૂખ્યો હોય ત્યાં સુધી એમની ચિંતા કરવી, એમને ખવડાવવું, એમની સંભાળ લેવી એ જ એક માત્ર સાચો ધર્મ હોઇ શકે. આ સિવાયનું બધું જ કાં તો અધર્મ કે પછી જૂઠો ધર્મ છે. ભૂખે મરતા લોકોની સેવા કરવી એના કરતાં અન્ય કોઇ મોટો ધર્મ હોઇ શકે નહીં.'

દરિદ્રનારાણ શબ્દ શું સૂચવે છે? નારાયણ દરિદ્રની સેવામાં વસેલો છે. એ કદી ભૂલાવું ન જોઇએ. જ્યાં સુધી દુઃખી લોકોનાં આંસુ આપણે ન લૂછી શકીએ ત્યાં સુધી જ્ઞાનની કે તત્ત્વજ્ઞાનની ચર્ચા કરવાનો આપણને કોઇ હક નથી.

સ્વામી વિવેકાનંદ કહેતા કે, એક વરસ સુધી પંડિતો, મહંતો અને મૌલવીઓ જો ધર્મોપદેશ આપવાનું બંધ કરીને મૌન જાળવે



તો સાચો ધર્મ આપોઆપ અસ્તિત્વમાં આવે.

ધર્મના મૂળ તત્ત્વને ભૂલીને આપણે કહેવાતા સંત, મહાત્માઓ કે બાબાઓનાં પ્રવચનો સાંભળતા રહીએ છીએ. સાચો ધર્મ તો આ બધામાં ક્યાંય અટવાઇ ગયો છે.

**એક આંસુ કોકનું લૂછી દીધું,**
**જો ખુદા કેવી ઈબાદત થઇ ગઇ.**

**રઘુવીર ચૌધરી**

**એક જ દે ચિનગારી...**

ઈશ્વર એટલે એવું એક વર્તુળ, જેનું કેન્દ્ર સર્વત્ર હોય છે, પણ જેનો પરિઘ ક્યાંય હોતો નથી.

**સેન્ટ ઑગસ્ટાઈન**

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# જલેબીનો પ્રસંગ

—યોગેશ્વરજી

ઈ.સ.૧૯૪૪માં બદરી, કેદાર, ગંગોત્રી ને જમનોત્રી યાત્રા કરી અમે ઋષિકેશ આવ્યાં. ત્યાં આવ્યા પછી માતાજીને મરડો થયો. ઝાડામાં લોહી પણ પડવા માંડ્યું, તેથી થોડા વખતમાં તેમની નબળાઇ ઘણી વધી ગઇ. અમારી સાથેના મનુભાઇને કોલેરા લાગુ પડ્યો. કોઇ કામ માટે તે દહેરાદૂન ગયા ને પછી ત્યાં જ બિમારીમાં પટકાઇ પડ્યા. માતાજીની દશા ઘણી ગંભીર થઇ ગઇ પણ પ્રભુએ કૃપા કરી. લગભગ એકાદ માસની ભયંકર બિમારી પછી, એક રાતે એમને રામના તેજોમય સ્વરૂપનું દર્શન થયું, ને તે દિવસથી તેમને આરામ થવા માંડ્યો. જરાક ભોજન લેવાનું પણ શરુ થયું.

પછી તો એક દિવસ એમને જલેબી ખાવાની ઇચ્છા થઇ. પરંતુ લાચારી હતી. સાધારણ ભોજન કરવા જેટલા પૈસાની જ કમી હતી ત્યાં વળી જલેબી ખાવાના પૈસા ક્યાંથી કાઢવા? માતાજીને મેં મારી તકલીફ જણાવી. તે સમજી ગયાં.

તે જ દિવસે લગભગ અગિયારેક વાગ્યાના સુમારે અમે રહેતા હતા તે ધર્મશાળામાં એક બાઇ આવી પહોંચી. ધર્મશાળામાં ફરતાં ફરતાં તે મારી ઓરડી પાસે આવી પહોંચી. ઓરડીની અંદર આવીને એણે મારી સામે થાળી ધરી ને તેમાંનું ભોજન લઇ લેવાનું કહ્યું. મને ખૂબ આશ્ચર્ય થયું. બાઇ ઘણી સ્વરૂપવાન હતી. તેણે સુંદર વસ્ત્રો પહેર્યાં હતાં. તેની આકૃતિ પરથી એ કોઇ મારવાડી બાઇ હોય એમ લાગતું હતું. મેં એનું ભોજન લેવાની પહેલાં તો આનાકાની કરી પણ એનો આગ્રહ જોઇને છેવટે તે લીધું. તેણે કહ્યું : ‘બદરીનાથની યાત્રા કરી હજી આજે સવારે આવીને આ ધર્મશાળામાં ઉતરી છું. મેનેજર પાસેથી તમારી ભાળ મેળવી તમને ભોજન આપવા આવી છું.’



એના ગયા પછી મેં એનો આણેલો થાળ જોયો તો મને ખૂબ નવાઇ લાગી. બાઇએ અમારે માટે ગરમ પૂરી, શાક ને જલેબી આણી હતી. જલેબી જોઇ માતાજીને પણ આનંદ થયો. પ્રભુની કૃપા—તેની લીલા વગર આમાં બીજું શું હોઇ શકે એમ માનીને અમે સમાધાન કર્યું.

આખો દિવસ એ બાઇની રાહ જોઇ. પણ થાળી લેવા એ આવી જ નહીં. મેનેજરને જઇને પૂછ્યું તો તેમણે કહ્યું : ‘તમે કઇ બાઇની વાત કરો છો? ધર્મશાળા તો અઠવાડિયાથી ખાલી છે. કોઇ બાઇ કે ભાઇ અહીં આવ્યું જ નથી.’

હવે મારી ખાતરી થઇ કે પરમકૃપાળુ પરમાત્માએ જ અમારી ભાવના પૂરી કરવા એ બાઇનું સ્વરૂપ ધારણ કર્યું હતું. હૃદય ગદ્‌ગદ્ બની ગયું. છેવટે એ થાળી અમે ધર્મશાળા છોડી ત્યારે મેનેજરને સોંપી.

ઈશ્વરની કૃપાના પ્રસંગો સાધકોના જીવનમાં એ રીતે વધારે કે ઓછા પ્રમાણમાં બન્યા જ કરે છે.

એક ભક્ત પુરુષની વાત છે. તે ખૂબ મુંઝાતા. આજીવિકાનું કોઇ સાધન તેમની પાસે નહોતું. તેમના પુત્રની પાસે ઘણું ધન હતું. પરંતુ તે તેમની સાથે બોલતો પણ નહીં. મને મળતા ત્યારે તે પોતાની મુંઝવણ રજુ કરતા. હું કહેતો : ‘ભગવાનનું નામ લો. ભગવાનને પ્રેમથી યાદ કરો ને પ્રાર્થો, પોતાના સાચા કે ખોટા ભક્તની રક્ષા કરવાની પ્રતિજ્ઞા તે જરુર પાળશે.’

છેવટે તે ભક્તની ઇચ્છા પૂરી થઇ. તેમની ઇચ્છા પ્રમાણે બાજુના જ ગામમાં તેમને કોઇ મંદિરની પૂજાનું કામ મળ્યું. ગામના લોકો સત્સંગી હતા. તે તેમની પાસે બેસવા માંડ્યા ને તેમની કથાનો આનંદ લેવા લાગ્યા. અન્ન, વસ્ત્ર ને ધન કશાની કમી ન રહી.

તમે તમારું કામ કરો, પ્રભુસ્મરણ કરો. આગળનું કામ પ્રભુ પોતે સંભાળી લેશે. તે તમને બધી રીતે મદદ કરશે.

# વિષ્ણુ પ્રિયા—ભક્તિગંગાને તીર

—જ્યોતિબેન થાનકી

'વિષ્ણુપ્રિયા બેટા! તું શાંતિપુર આવી હોત તો મારા નિમાઈનાં દર્શન થઈ જાત ને!'

'અહાહા! શું રુપ! શું તેજ! ભગવાં વસ્ત્રોમાંય કેવો શોભતો હતો!'

'ભક્તોની ભીડ તો કેવી કે રસ્તામાં ચાલવાનીય જગ્યા ન મળે. શ્રીવાસ પંડિતે મારી પાલખી દોરી ન હોત તો મારેય વગર દર્શને પાછા આવવું પડ્યું હોત!'

શાંતિપુર જઈ ચૈતન્ય ભગવાનનાં દર્શન કરી પાછાં આવેલાં વૃદ્ધ માતા તેમની પુત્રવધૂ વિષ્ણુપ્રિયાને પોતાના પુત્રની કેટકેટલીય વાતો કહેતાં હતાં અને મલકાતાં જતાં હતાં.

'ભલે ને જગત એને પૂજે પણ મારો તો દીકરો ને! સંન્યાસી થયો તો શું થયું? જેવી ખબર પડી કે માતા આવે છે તો દોડીને દરવાજે આવ્યો ને મારાં ચરણોમાં આળોટી પડ્યો. અહાહા! મારાં તો ભાગ્ય ખૂલી ગયાં.'

'જેના ચરણોમાં ભલભલા ઝૂકે છે, તે મારા ચરણમાં ઝૂક્યો! મારા હાથેથી તેણે પ્રસાદ લીધો! અને કહે કે મા, બહુ દિવસે તારા હાથનો અમૃત—પ્રસાદ મળ્યો.'

'બેટા, રુદન છોડી દે. તારો પતિ તો સ્વયં આનંદમૂર્તિ છે. એના માટે આંસુ સારવાનાં ન હોય!'

આ સાંભળીને વિષ્ણુપ્રિયા ચમકી ગઈ. આ જ માતા કે જે છ છ વરસથી પુત્રના વિયોગમાં ઝૂરતી હતી, આંખોમાં આંસુ



સુકાતાં ન હતાં, પુત્રની એક એક વાત યાદ કરીકરીને આંસુ સારતી દિવસો પસાર કરતી હતી, તે વૃદ્ધ સાસુના ચહેરા ઉપર તેણે પ્રથમવાર આનંદની ઝલક દેખી.

મહાન પરિવર્તન! તેને થયું કે 'પોતે કેમ શાંતિપુર ન ગઈ?' પરંતુ જો ગઈ હોત તો તેના પતિ તેને મળ્યા હોત? અને પતિને ભગવા વસ્ત્રોમાં ઉઘાડે પગે તે જોઈ શકી હોત? સાસુજીએ તો અત્યંત આગ્રહ કરી સાથે આવવા કહ્યું હતું : 'આટલા નજીકમાં છે તો આપણે દર્શન કરી આવીએ. દૂરથી જોવા મળશે તોય આપણાં ધનભાગ્ય!'

પણ વિષ્ણુપ્રિયાના અંતરમાં આગ ભભૂકતી હતી, છ છ વરસથી તે એકચિત્તથી સ્વામીની આરાધના કરી રહી હતી.

પરંતુ ક્યાં છે એના સ્વામી?

હવે તો તે સમગ્ર જગતના સ્વામી બન્યા છે. આખું વિશ્વ એનાં ચરણોમાં આળોટે છે, તો પોતે જ એનાથી વંચિત?

સૌ નગરજનો એનાં દર્શન કરે છે, માત્ર તેને પોતાને જ એ દર્શન થવાનાં નહીં?

કુલીન કુલવધૂ સમસ્ત માનવમેદની વચ્ચે સંન્યાસી પતિને કેવી રીતે મળી શકે?

એના પતિ સ્વીકારશે ખરા?

તેના પ્રભુ આટલા નજીક છે તોય મળવા જઈ શકતી નથી? હાય હતભાગિની નારી!

આંખોમાંથી આંસુની ધાર ચાલી અને એમ ને એમ તંદ્રાવસ્થામાં સરી પડી.

એક બાજુ સાસુ આનંદવિભોર બની લવતાં હતાં અને બીજી બાજુ વિષ્ણુપ્રિયા તંદ્રામાં લવવા લાગી : 'અરે, આ રહ્યું એમનું

પીત વસ્ત્ર! જુઓ જુઓ, સ્નાન કરી સ્વામી હસતા હસતા આવી રહ્યા છે. હા પ્રભુ, કોની ભક્તિ કરું? તમારા સિવાય બીજા કોઈનેય હું જાણતી નથી.'

'ના, ના તમે મને છોડીને ક્યાંય નહીં જાઓ. તમે તો એક વાર કહ્યું હતું કે વિષ્ણુપ્રિયે! તું મને અત્યંત પ્રિય છે. અરે! આંસુ તમને ગમતાં નથી. પણ શું કરું, આંખોમાંથી આપોઆપ નીકળી જાય છે. તમે સાચે જ જવાના, ના ના, આજે તો તમારાં ચરણ પકડીને જ બેસીશ.'

ઝબકીને જાગી થઈ.

જોયું તો વૃદ્ધ સાસુનો પ્રેમાળ હાથ તેના મસ્તક ઉપર ફરતો હતો. વિષ્ણુપ્રિયાને કહેવા લાગ્યાં : 'બેટાં, શોક છોડી દો. મારો નિમાઇ ક્યાંય દૂર ગયો નથી. જો એ આપણી સાથે જ છે.'

પણ તેને આ આશ્વાસનના શબ્દો સ્પર્શી શક્યા નહીં. સાસુજીએ કહ્યું : 'બેટા, યાદ છે તે રાત્રિ? જ્યારે હું ઉંબર બહાર આખી રાત્રિ જાગતી પડી રહી હતી અને તું નિમાઈનાં ચરણ પકડીને બેઠી હતી!'

અને વિષ્ણુપ્રિયાને તે કેમ યાદ ન હોય? જાણે છ વરસ પસાર થયાં જ નથી! તે દિવસે તેને ખબર મળી ગયા હતા કે આજે રાત્રે નિમાઇ ઘર છોડી જશે, અને આવતી કાલે દીક્ષા લેશે. તેના હૃદયના ચૂરેચૂરા થઇ ગયા હતા. વિધાતાએ તેને મહાન સૌભાગ્ય બક્ષ્યું હતું અને હવે જાણે તે લઇ લેવા આવી ન હોય! તે રાત્રિએ પતિ પાસે જતાં તે ઘેરા શોકમાં ડૂબી ગઇ હતી. પોતે રડતી હતી ત્યારે પતિએ જ તેને આલિંગન આપી હસતી હસતી કરી દીધી હતી. અને કહ્યું હતું કે 'વિષ્ણુપ્રિયે! તું તો મને અત્યંત પ્રિય છો.'



બસ, આવો પ્રેમાળ પતિ તેને છોડી શકે? તોય તે રાત્રિ તે સ્વામીનાં ચરણ પકડીને બેસી રહી હતી. પણ કોણ જાણે કેમ થોડીક ક્ષણ માટે એક ઝોકું આવી ગયું અને સ્વામી ચાલ્યા ગયા—વિષ્ણુપ્રિયાને અનાથ બનાવી ચાલ્યા ગયા.

છ છ વરસ વીત્યાં તોય આ દૃશ્ય તેની નજરમાં અનેકવાર ભજવાઇ જાય છે કે દિવસ પસાર થતાં દુઃખ વીસરી જવાય છે. પણ અહીં તો દરેક ક્ષણે દુઃખ અને યાતના વધતાં જ જાય છે. દિવસમાં કેટલીય વાર તેણે પોતાની જાતને ઠપકો આપ્યો છે : તે કેમ સૂઇ ગઇ? સ્વામીની સાથે કેમ ચાલી ન નીકળી? સ્વામી વગરનું આ અંધકાર અને દુઃખભર્યું જીવન તે કેમ જીવી રહી છે?

હજુયે વિચારમાળા આગળ ચાલતી જ રહેત પણ સાસુજીએ કહ્યું : 'વિષ્ણુપ્રિયા, તું જાણે છે કે તે રાત્રિ પછી મારી દશાયે કેવી હતી. તારા આધારે તો હું જીવી ગઇ. અને એક આશા હતી કે મારા નિમાઇનું મોઢું જરુર જોવા મળશે અને એનાં દર્શન થયાં. એણે તો મને પાવન કરી દીધી. તું હજુય ગુમસૂમ પડી છે? ચાલ મહાપ્રસાદ બનાવીએ.'

પણ વિષ્ણુપ્રિયાને કશાયમાં રસ રહ્યો ન હતો. સાસુજીએ આટઆટલી વાત કરી પણ એમ તો કહેતાં નથી કે એણે તારા ક્ષેમકુશળ પૂછ્યા છે. તારા માટે આ સંદેશો આપ્યો છે! મોઢેથી તો કેમ પુછાય? 'શું સાચે જ સ્વામીએ મારો સંપૂર્ણ ત્યાગ કર્યો હશે કે એમને મારી સ્મૃતિ સરખી પણ નહીં રહી હોય! સંન્યાસીને તો સર્વ સમાન હોય. તો પછી માતાને કેમ સ્નેહ આપ્યો? તેમના હાથેથી કેમ પ્રસાદ લીધો? સાસુજી તો એમના દર્શનથી સાચે જ બદલાઇ ગયાં છે. અને પોતે ક્યારે બદલાશે?'

સાસુના આગ્રહથી મહાપ્રસાદ બનાવવા તેને ઊઠવું પડ્યું. ત્યાં તેનાં કાને અવાજ સંભળાયો : 'ચેતન્ય મહાપ્રભુની જય! ભગવાન ગૌરાંગની જય!' અને કીર્તનના અવાજો સંભળાવા લાગ્યા. તેને એક ક્ષણે તો આનંદની ઝલક સ્પર્શી ગઇ કે સાચે જ પ્રભુ આવી રહ્યા છે કે શું? તે ઝરુખામાં ઉપર ગઇ. જોયું તો આનંદથી નાચતા—ગાતા લોકોનાં ટોળેટોળાં આવી રહ્યાં છે. પ્રભુની પ્રેમભક્તિના રસમાં સૌ તરબોળ છે. આ લોકો બધા ક્યાંથી આવે છે? તેમાંના કોઇ એકે કહ્યું : 'ચૈતન્ય પ્રભુ કુલિયા પધાર્યા છે. અમે ત્યાં એમનાં દર્શન કર્યાં! અહાહા! પ્રભુએ અમારો ઉદ્ધાર કર્યો. અમારી સાથે કીર્તન કર્યાં. નવદ્વીપના લોકોને એ કેમ ભૂલે!' ગાતો ગાતો એ ચાલ્યો ગયો.

કુલિયા? એ તો આ રહ્યું સાવ નજીક! ખાલી હોડીમાં જ જઇ શકાય! વિષ્ણુપ્રિયાનું સમગ્ર અસ્તિત્વ સ્વામીના ચરણોમાં ઝૂકી જવા તત્પર હતું પણ જઇ શકાતું ન હતું! આ લોકો કેટલા ભાગ્યશાળી! પ્રભુના કીર્તનમાં ભાગ લઇને આવ્યા! અને પોતે? દર્શનથીય વંચિત! એના જ પ્રિયતમ હવે સમગ્ર જગતના પ્રિયતમ બન્યા છે, માત્ર એના જ નહીં?

ફરીથી એક છાનું ડૂસકું વિષ્ણુપ્રિયાના હૃદયમાંથી નીકળી ગયું. આનંદવિભોર બનેલા ટોળાને દૂર દૂર જતું જોઇ રહી! 'શું સાચે જ તેના સ્વામીએ તેને તરછોડી દીધી છે? ના ના, એ કદી બને નહીં. અંધકારભરી લાંબી લાંબી રાત્રિઓમાં જ્યારે તે દુઃખ અને શોકથી ઘેરાઇને પડી હોય છે ત્યારે એના અંતરમાં આવી કોણ આશ્વાસન આપે છે? સ્વામીનો સાદ તેના અંતરમાંથી હંમેશાં ઊઠે છે' :

'વિષ્ણુપ્રિયે! શોક છોડી દે. તારા મનની ભ્રમણાઓ છોડી દે. અંતરમાં જો. હું તારા અંતરમાં હંમેશાં છું.' આથી જ તો તે બધાં દુઃખ અને શોકમાં ટકી શકી છે. સ્વામી એના જ છે. 'પણ તોય આ સ્થૂળ દૃષ્ટિથી મારે સ્વામીનાં દર્શન કરવાં છે. એમને મારું સર્વસ્વ અર્પણ કરવું છે.' 'પણ એ શક્ય છે? બીજા લોકોની પેઠે એનાથી ટોળામાં જઇ શકાય? સંન્યાસી સ્વામી એની પૂર્વાશ્રમની પત્નીને દર્શન આપવા એના ઘરે આવે તેવું બની શકે?'



'તો શું કરવું?' વિચારોના ઘમસાણમાં બે ચાર દિવસ પસાર થઇ ગયા. તેના હૃદયમાંથી આક્રંદભર્યો પોકાર સતત ઊઠવા લાગ્યો : 'પ્રભો! જો હવે આપનાં દર્શન નહીં મળે તો આ દેહ ટકવાનો નથી.'

બસ, નિશ્ચય થઇ ગયો. મનનું તુમૂલ યુદ્ધ શાંત પડ્યું. તે સ્વસ્થતાપૂર્વક દૈનિક કાર્યો કરવા લાગી. સાસુને થયું કે પુત્રવધૂમાં પણ નિમાઇની શક્તિએ પરિવર્તન લાવી દીધું છે.

એક દિવસ ફરી ભજન અને કીર્તનો સંભળાવા લાગ્યાં. સાથે મંજીરાં, ઝાંઝ—પખાજના સૂરો પણ આવવા લાગ્યા. 'ફરીથી કોઇ મંડળી પ્રભુના દર્શન કરી પાછી આવતી લાગે છે.'

પ્રભુનાં દર્શન કરી આવેલા ભક્તોનાં દર્શન કરવાથી પણ પાવન થવાય છે. તે ઉપર ઝરુખામાં ગઇ. જોયું તો મંડળી ઘણી નજીક આવી પહોંચી હતી. અને વચ્ચે? સાચે જ આ સ્વપ્ન છે કે સત્ય? આ એની આંખો સાચું જુએ છે કે પછી મનની ભ્રમણા છે? સાચે જ તેના સ્વામી, ભગવાં વસ્ત્રો ધારણ કરેલા એના જ સ્વામી નવદ્વીપ આવ્યા? તેના હૃદયની પ્રાર્થના સાંભળી લીધી? શું કરવું? પ્રભુ અહીં જ આવશે? રોકાશે? આનંદની ભરતી એકાએક એટલી વેગમાં ઊમટી કે વિષ્ણુપ્રિયા પોતાને સંભાળી ન શકી. સૂઝ ન પડી કે શું કરવું. ત્યાં તો મંડળી ઘરના દ્વાર આગળ આવી પહોંચી. અને દ્વાર આગળ સ્વામી ઊભા રહ્યા.

શું કરવું અને શું ન કરવું? પોતાના વેશ પણ કેવા છે? મેલાં–ઘેલાં ફાટેલાં વસ્ત્રો! આટલા બધા લોકો! સ્વામીને મળવા નીચે જવું કે નહીં? સ્વામી ઉપર આવશે? એમને કેવી રીતે મળવું? એક એક ક્ષણ તે જેને ઝંખતી હતી તે સ્વામી આમ એકાએક ઓચિંતા તેને જ મળવા આવી પહોંચ્યા ત્યારે તેને વિમાસણ થઇ. મૂંઝવણથી ઘેરાઇ ગઇ કે હવે શું કરવું?

પણ પછી શું થયું કે દોડતી જ નીચે જઇને પ્રભુના ચરણોમાં ઢળી પડી.

કાનમાં થોડા થોડા મધુર શબ્દો શરુઆતમાં સંભળાતા હતા. ‘વિષ્ણુપ્રિયે! નામને સાર્થક કરો. અંતરમાં રહો. પ્રભુ સદાકાળ ત્યાં જ બિરાજે છે. શોક છોડી દો. તમે આનંદરુપ છો.....’ અને તે ઊંડી ઊંડી ઊતરવા લાગી. એક અવર્ણનીય શાંતિ તેને ઘેરી વળી. તેના સઘળા વિચારો અદશ્ય થઇ ગયા. મન નીરવ થઇ ગયું. અને જાણે પ્રભુનો હાથ પકડી તે તેના અંતરના વધુ ને વધુ ઊંડાણમાં ઊતરી રહી છે. જાણે કે તે ધીમે ધીમે ઓગળી રહી છે. અરે, તેનું પોતાનું આ હું કહી શકે તેવું કંઇ અસ્તિત્વ જ રહ્યું નથી. બધું જ ચૈતન્ય પ્રભુમય છે. એના સમસ્ત અંતરમાં એ જ ચૈતન્ય પ્રભુ વ્યાપી રહ્યા છે. એનું પોતાનું સ્વરૂપ પણ આટલું મધુર, મોહક અને પ્રકાશિત છે!! એ અનર્ગળ આનંદમાં તરવા લાગી. એને થયું કે આ જ સાચું સ્વરૂપ છે અને આ જ તેનું જીવન છે. સદાય તેણે આ જ સ્વરૂપે રહેવાનું છે.

જ્યારે તેને દેહભાન આવ્યું અને તેણે પ્રભુનાં દર્શન કરવા દૃષ્ટિ ઊંચી કરી જોયું તો ચૈતન્ય પ્રભુ તો ચાલ્યા ગયા હતા. માત્ર તેમની ચરણપાદુકા જ રહી હતી!

પણ હવે વિષ્ણુપ્રિયાનું જગત જુદું હતું!



# પૂ. મા સર્વેશ્વરીનું આંતર ઐશ્વર્ય

(ગતાંકથી આગળ) –પ્રો.તરલાબેન દેસાઇ

**‘મા’નું ભીતરી ઐશ્વર્ય**

શ્રી કૃષ્ણપ્રેમ કહે છે : ‘દીવો કોડિયામાં બળતો હોય ત્યારે એ કોડિયાનો અને કોડિયું બનાવનાર કુંભારનો સંબંધી લાગે પરંતુ એનો સાચો આંતરિક નાતો તો સૂરજ–તારાની આખી નક્ષત્રમાળા સાથે, પ્રકાશની આખી પેઢી સાથે છે.’

એમ સ્થૂળ રીતે જોતાં ‘મા’ સર્વેશ્વરીનાં બાહ્ય દેખાવ, પહેરવેશ તેમજ રીતરસમ કર્પૂરવનના ભક્તકબીર સમાજની, માતાપિતાના સંસ્કારવારસાની એક જીવંત તસ્વીર સમાં ભાસે, અત્યંત પાતળી દેહયષ્ટિ એને આવૃત શ્વેત ગુજરાતી ઢબે ધારણ કરેલી સાડી, સુઘડ હોળેલા વાળ, કપાલમાં લાલ નાનો ચાંલ્લો, ગળામાં સોનાનો દોરો, કાનમાં નાની સોનાની બુટ્ટીઓ, એક હાથમાં સોનાની બંગડી, બીજા હાથમાં સોનેરી પટ્ટાવાળું ઘડિયાળ, બધું એટલું સાધારણ કે એમની પાસેથી પસાર થઇ જઇએ તો એમના ‘ભીતરી ઐશ્વર્ય’નો અણસાર સુધ્ધાં ન આવે. એકદમ અકલ્પ્ય (unassuming) વ્યક્તિત્વ!

હા, પણ જરા ધ્યાનથી જોઇએ તો એમના મુખારવિંદ પર સદા વિલસતું હાસ્ય, છવાઇ રહેતી નિખાલસ નિર્દોષતા, વાતેવાતે નેત્રોમાં ચમકતું તેજ, નાજુક કરાંગુલિઓની કાર્યતત્પરતા, કોમળ ચરણદ્વયની ચપળતા, સ્લેટધારિણી ‘મા’ની કલમમાંથી ઝરતાં વહાલ કે વઢનાં અમૃતવચનો, દેહમાં રહેવા છતાં દેહભાવથી પર એવી હળવાશભરી મુક્તિનો પ્રસન્ન

અનુભવ કરાવતાં 'મા'માં સરળતા, સહજતા, સ્વચ્છતા અને પવિત્રતાનો મંગલમય આવિર્ભાવ વરતાય. 'મા'ની સ્થિરતામાં અદ્‌ભુત શાંતિ અને એમની ગતિમાં સહજ સ્ફૂર્તિ અનુભવાય અને જ્યારે 'મા'ના અસ્તિત્વના ઊંડાણમાંથી વહી આવતાં સૂક્ષ્મ પ્રેમનાં આંદોલનો આપણને સ્પર્શે ત્યારે આપણાં મન–અંતર પ્રક્ષાલિત થયા વિના રહે જ નહીં. એમની પુનિત સ્નેહસંનિધિમાં એમની અનોખી આત્મીયતા–કરુણા ઝરતી લાગે.

કહે છે કે, 'ગુરુ પાસે એક શીતળ ઊર્જા હોય છે. એમાં શાન્તિ અને મૌનનું એક સરોવર હોય છે એમાં ડૂબકી મારતાં જ તીર્થસ્નાન!' આ ઊર્જા ક્યારેક એમના બોલવાથી મળે, ક્યારેક એમના ન બેસવાથી મળે, ક્યારેક એમના ઊઠવાથી મળે. આમ 'મા' પાસે જવાથી એ અનેક રૂપે, અનેક રીતે મળે છે. એ આપણને આંજવા નહીં, માંજવા આવે છે. આપણા રજસ–તમસ ખંખેરી એ આપણને આપણી સાત્ત્વિકતામાં સ્થિર કરે છે. આપણામાં રહેલું મિથ્યા ત્યાં ફરકી શકતું સુધ્ધાં નથી. આપણું ભીતરી સત્ય જાણે પ્રગટું–પ્રગટું થઈ રહે છે. પૂ.શ્રી મોટા કહે છે તેમ, 'સાચા ગુરુ આપણને શીખવવા નહીં, જગાડવા આવે છે.'

આમ, 'મા'નો આંતરદીપ આપણને પ્રતીતિ કરાવે છે કે, 'મા'નો આંતરિક નાતો જ્ઞાન, ભક્તિ કે કર્મથી પરમાત્માના પંથે ચાલી નીકળેલ દરેક આત્મા સાથે છે. પછી તે તેમના શ્રી ગુરુદેવ પ્રભુ શ્રી યોગેશ્વર હોય, શ્રી રમણ હોય, શ્રી રામકૃષ્ણ હોય કે શ્રી મોટા હોય...અરે! સૃષ્ટિના કોઈ આત્મતત્ત્વ સાથે 'મા'ની ચેતનાનો અનુબંધ નથી એમ નથી. એટલે 'મા' જાણે



પોતાના અંતરાત્મામાં અધ્યાત્મનો સઘળો વારસો–પ્રકાશની આખી નક્ષત્રમાળાનો વૈભવ ધારે છે; અને કૃતજ્ઞતાથી વંદી વિનમ્રભાવે 'મા' કહે છે :

'જેના જીવનમાં શ્રદ્ધા જાગી હરિ સાચવે તેને હેત ધરી.'

'ONLY LOVE' પુસ્તકના રચયિતા દયામાતા વિશેના શ્રી ચક્રવર્તીના શબ્દોમાં કહીએ તો, '''મા''ને જાણવાં–ઓળખવાં–સમજવાં એટલે જે પ્રેમમાં છે એમની સાથે પરિચય કેળવવો. આ એક એવો પ્રેમ છે જે સર્વાશ્લેષી છે અને પરમાત્મામાં આનંદપૂર્ણ ધન્યતા અનુભવનારો છે. જ્યારે કોઈ આત્મા દિવ્ય પ્રેમની અનુભૂતિ કરે ત્યારે એની આધ્યાત્મિક ચેતના કેવી–કેટલી વિસ્તરે છે એ ચૈતન્યપ્રસારની અહીં વાત છે.' આમ, 'મા'નો ચૈતન્યપ્રસાર એ જ 'મા' સર્વેશ્વરીનું આંતરઐશ્વર્ય.

**'મા'નો સારગ્રાહી સ્વભાવ**

'મા' સર્વેશ્વરીનું સમગ્ર જીવન જાણે તત્ત્વજ્ઞ કવિ કબીરની મર્મવાણીનો સીધો અનુવાદ છે :

**સાધુ ઐસા ચાહિયે જૈસા સૂપ સુહાય,**
**સાર સારકો ગ્રહી રહૈ થોથા દેઈ ઉડાય.**

'મા'ને મહાત્મા શ્રી યોગેશ્વરમાં કેવળ સદ્‌ગુરુ કે પ્રભુના પ્રતિનિધિ જ નહીં, સ્વયં પ્રભુ પ્રતીત થયા. એનું કારણ એ કે 'મા'ને એમનામાં શિવ અને શ્રીકૃષ્ણ બંનેનું સારતત્ત્વ દેખાયું. પરમ વિદુષી વિમલા ઠકાર કહે છે તેમ, 'આપણી સંસ્કૃતિમાં બે પરમ ગુરુ મનાયા છે, 'એક શિવ–એટલે સર્વદા સર્વના મંગળકર્તા. બીજા જે ન કોઈના રાગે રંગાયા, ન કોઈનો દ્વેષ કર્યો અને સૌને પોતાનાં કર્યાં એવા ચિત્તને આકર્ષતા શ્રીકૃષ્ણ.' એટલે જ જાણે 'મા'એ પહેલાં 'ૐ નમઃ શિવાય', પછી 'જય ગોપાલ'

અને ત્યાર બાદ 'શ્રી યોગેશ્વરાય નમઃ'નો મંત્ર સ્વીકાર્યો. આજે ૧૩ કરોડ જપ પૂરા કર્યા પછી બીજા તેર કરોડ જપ કરવાનો સંકલ્પ કરનાર 'મા' સરસ કહે છે : 'મંત્રગાન ખૂબ પ્રેમથી કરવું. એ આમંત્રણપત્રિકા બની જવી જોઈએ. એ પત્રિકા રૂબરુ જ આપવાની. સામે ઊભા જ છે તેમ માની કહેવાનું કે, "પ્રભુ આવો, પધારો" ને પ્રભુના સંતો કંઈક પલળે ને પધારે. પધારે તો, એવા કે ભક્તની પાછળ પાછળ પગલાં પાડે!' 'મા'ની રોજની ૫૦૦ માળા આ ભાવનું જીવંત નિદર્શન છે. મંત્ર કેવળ જીભથી રટાતા શબ્દો નથી, એમાં પૂરો હૃદયરસ રેડાવો જોઈએ; એમ સૂચવનાર 'મા' શબ્દના મર્મનો મહિમા કરી એના સારતત્ત્વને ગ્રહવા અનુરોધ કરે છે.

'મા'ની ગુરુભક્તિ અનન્ય અને અનુપમ એટલા માટે સિદ્ધ થઇ શકી, કેમ કે એમણે અનુપમ એવું શિષ્યત્વ ધારણ કર્યું; જે હરીફરીને એક જ વાત ઘૂંટે છે : 'હું છું જ નહીં. હું તો ગળી ગઇ છું, ભળી ગઇ છું, એકરૂપ થઇ ગઇ છું પરમ પૂજ્યશ્રી યોગેશ્વરજી ગુરુમાં.' આવાં સંપૂર્ણ સમર્પિત 'મા'નું નિર્માણ જાણે પંચમહાભૂત તત્ત્વોમાંથી નહીં પણ નરી ગુરુભક્તિમાંથી જ ન થયું હોય! સંતશ્રી જ્ઞાનેશ્વરે પ્રબોધેલ બેમિસાલ ગુરુભક્તિનું 'મા' જાણે જીવંત નિદર્શન બની ગયાં. એટલે જ જે ભક્તિ શ્રી યોગેશ્વરના જીવનકાળ દરમિયાન 'મા'એ સતત હૃદયે ધારી, એ જ આજે એમના મહાપ્રયાણનાં ૩૦–૩૦ વર્ષ પછી એવી જ સ્થિરદ્યુતિ ધારે છે. 'મા'ના પ્રત્યેક શ્વાસોચ્છ્‌વાસમાં, પ્રત્યેક ગતિવિધિમાં, 'તું હી તું હી'નો એક સ્વર ગુંજે છે. આત્મકલ્યાણની ઝંખના અને જગત્કલ્યાણની અભીપ્સા એમના લોહીનો લય બની ગઇ છે. એ પોતાના અસ્તિત્વનો અંશેઅંશ



ગુરુમહિમા કાજ ખર્ચી રહ્યાં છે. ઉગ્ર તપશ્ચર્યા, કઠોર સાધનાના સતત સાતત્ય છતાં ચહેરા પર સદા પ્રસન્નતા, હૃદયે અપૂર્વ શાંતિ ધારતાં 'મા' અધ્યાત્મવિશ્વનો ચમત્કાર છે. નિરાહારી, મૌનમયી નિરાડંબરી 'મા' નિર્મળ નિર્વ્યાજ પ્રેમની એવી પ્રતિકૃતિ છે કે, તેઓશ્રી સ્વયં લખે છે તેમ, '"મા" "મા" ને સતત વંદતાં રહે છે. માત્ર ને માત્ર નિસ્વાર્થ પ્રેમ. સૌને સહાયક થવાનો પંથ.'

'મા' સર્વેશ્વરી કર્પૂરવન વ્યારા, સુરત, અમદાવાદની ભૌગોલિક સરહદોને પાર કરી આજે 'અનિકેત' બની શક્યાં છે. પોતાની અતિ સફળ કારકિર્દી, માતા–પિતા ભાઇ–બહેનોના અખૂટ સ્નેહરાશિ તેમજ સર્વ સામાજિક સંબંધો પરહરીને 'કેવળ પ્રભુમય' જીવન જીવી રહ્યાં છે; અને તેય કોઇ એકાન્ત ખૂણે નહીં પણ ભક્તિમય–સાધનામય જીવન જીવવા ઇચ્છતા જનસમાજની મધ્યે 'આચારસિદ્ધ અધ્યાત્મ'નો ઉજાસ પાથરી રહ્યાં છે. કરોડો જપ, ધ્યાન, નિર્જળા ઉપવાસો, રોજના નિયત દંડવત્ પ્રણામો પાઠો–પારાયણો, યોગાસનોમાં રત રહી પોતાની સાધનાની જ્યોતને ઝળહળ રાખતાં 'મા' અહમ્ રહિતતાનું એક આકાશ વિસ્તારી રહ્યાં છે, એમાં એમનું આંતરઐશ્વર્ય અભૂતપૂર્વ રીતે વિલસે છે; જે શ્રી રમણના શબ્દોની યાદ અપાવે : 'જ્યારે મનુષ્ય પોતાના સાચા સ્વ–રૂપને પિછાને છે ત્યારે 'કોઇક બીજું' તેના અસ્તિત્વના ઊંડાણમાંથી પ્રગટે છે અને તેનો કબજો લઇ લે છે. એ 'કોઇક' તેના મનની પાછળ હોય છે. તે અનંત, દિવ્ય અને સનાતન હોય છે. જ્યારે આવું બને છે ત્યારે મનુષ્યે પોતાને ગુમાવ્યો નથી હોતો પણ મેળવ્યો હોય છે.'

(ક્રમશઃ)

# શ્રી સૂર્યનારાયણ યાત્રા ૨૦૧૪(૧)

–મા સર્વેશ્વરી

### ૩૦/૦૬/૨૦૧૪, મેબર્લી થી વેનકુવર થઈ વ્હાઈટહોર્સ (Whitehorse, Yukon, Canada)

આજે યાત્રાનો આરંભ. જીવન જ એક યાત્રા છે. પણ એ બધું સ્મરણ પટ ઉપર સ્થાયી રહેતું નથી એટલે સૌની નજરે જે દેખાય તેને યાત્રા નામ આપીને સંતોષ માની શકાય.

આ યાત્રા સૂર્યનારાયણના દર્શનની છે. અરે! સૂર્યનારાયણ તો જન્મ થયો ત્યારથી દર્શન આપે જ છે. પછી તે કર્પૂરવન હોય, સૂરત, ગુજરાત, ભારત કે વિદેશ જ્યાં પણ જઈએ ત્યાં સૂર્યનારાયણના પ્રકાશીત કિરણો આપણા શરીરને પોષણ પુરું પાડતાં જ હોય છે.

તો પછી આ પૃથ્વીપટે બીજા કોઈ સૂર્યનારાયણ છે? કે જેના દર્શન કરવા યાત્રા કરવી પડે?

હા. પૃથ્વીપટે સામાન્ય રીતે જોવા મળે કે ૧૨ કલાક સૂર્યપ્રકાશ અને ૧૨ કલાક સૂર્યાસ્તની શોભા.

૧૯૪૩, મા જન્મ્યા ત્યારથી આ જ ક્રમ જોતાં આવ્યાં પણ ૧૯૯૭–૯૮માં જાણવા મળ્યું કે પૃથ્વીપટે એવાં પણ કેટલાંક સ્થાન છે જ્યાં સૂર્યનારાયણ પૃથ્વીપટે પૂર્ણ પ્રીત કરતાં કરતાં પથરાતા રહે તેવાં તેવાં વિશેષ સ્થળો દર્શનીય સ્થળોમાં સ્થાન પામતાં રહે.

ભગવાનને જોવા હોય તો ક્યાં મળે? સર્વત્ર. પણ વિશેષ રીતે જોવા હોય તો ભક્તના હૃદયમાં. એ રીતે શ્રી



સૂર્યનારાયણનાં વિશેષ રીતે દર્શન કરવાં હોય તો આ વિદેશની ધરતી ઉપર કેનેડા, અમેરિકા કે યુરોપનાં કેટલાક સ્થળો ઉપર જવું પડે છે. જ્યાં સૂર્યનારાયણ ૨૪ કલાક દર્શન આપે છે.

એ જાણીને મા ૧૯૯૮માં અલાસ્કાયાત્રા દરમ્યાન સૂર્યનારાયણના દર્શનનો દેવદુર્લભ લાભ પામ્યાં હતાં.

ઘણાં વરસે ફરી એ દર્શનની ઈચ્છા જાગી અને છેલ્લા બે માસથી તે યાત્રા વિચારવામાં આવી ને બધું જ ગોઠવાઈ પણ ગયું.

છેલ્લા ઘણા સમયથી શ્રી જગનિર્મલ માની યાત્રામાં સક્રિય બનીને માને સર્વપ્રકારે સંભાળતાં રહે છે. એ રીતે આ યાત્રામાં પણ થયું છે.

સૂર્યનારાયણનાં વિશેષ દર્શન ક્યાં મળે? ક્યારે મળે? તે સ્થળે કેવી રીતે ક્યાંથી ક્યારે જવું પડે? ત્યાં જઈએ તો રહેવાનું ક્યાં? આવા અનેક પ્રશ્નોની વણઝાર શ્રી જગનિર્મલ ઈન્ટરનેટ ઉપર જોઈને શાંત કરી દે છે. શ્રી સુરેશભાઈ પરીખ એરલાઈનના એજન્ટ તરીકે સંપૂર્ણ સહાયક થતા રહે છે.

આ યાત્રાનું આયોજન આ જ તારીખે હતું.

તે મુજબ મેબર્લીથી ઓટાવા આવી ગયાં.

પ્રભાતે ૪ વાગે ‘વરદ હસ્ત’ની પ્રાર્થના પહેલાં L.A.નાં મધુબેન આરતી કરે છે. પ્રેમથી ગૂંથેલી પુષ્પમાળા પૂ.શ્રીને અર્પણ કરે છે.

અરે! ‘ગોકુળ વહેલા પધારજો રે’ એ પદ પણ તેઓ શ્રી ઈલાબેન સાથે ગાઈ રહ્યાં છે.

સૌ પાંચ પ્રણામ કરી સૌની વિદાય લઈ ગાડીમાં બેઠા છે.

આ યાત્રામાં સાથે છે :—

શ્રી વિકાસભાઇ શ્રી રીટાબેન

શ્રી અનિલભાઇ શ્રી નિર્મલ

શ્રી હિતેશભાઇ મા

શ્રી જગુભાઇ

સમયસર એરપોર્ટ આવી ગયાં અને વેનકુવર થઇને વ્હાઇટહોર્સ નામના સ્થળે પહોંચતા પ્લેનમાં બેસી પણ ગયાં. સીટ નંબર પણ સુરેશભાઇ પરીખે આપી જ દીધા હતા.

પરમસખા જ્યાં સર્વપ્રકારે અનુકૂળ હોય ત્યાં એમનું આખુ દિવ્ય કાર્યાલય પણ સેવામાં હાજર.

પછી તે પ્લેન હોય કે એર હોસ્ટેસ હોય કે સ્વજનો હોય સર્વ સ્થળ, સર્વ દિશા, સર્વ સમય ને સર્વ શ્વાસોશ્વાસ સઘળું સર્વકાળે સર્વપ્રકારે અનુકૂળ.

અરે! શ્રી સુરેશભાઇ પરીખની સાવચેતી ભરી સીટની પસંદગી એવી હોય છે કે વચ્ચેની એક સીટ ખાલી જ રાખે.

પરિણામે આજે તે સીટ પણ મા ને મળી ગઇ.

મા પરમસખાના દિવ્ય શ્રી અંકમાં પોઢતાં પોઢતાં પરમવિશ્રામની સ્થિતિ સાથે ૫ કલાક પછી વેનકુવરના સ્ટોપ ઉપર પ્લેન ઉભું છે.

કેવી સંભાળ પરમસખાની. સંભાળની સામે બીજું શું ધરી શકીએ. માત્ર પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ.

અને ફરી એ જ પ્લેન વ્હાઇટહોર્સની દિશા પકડે છે.

અને સમયસર ઉતરી પણ ગયાં ત્યારે બપોરે ૨—૦૦ અહીં વાગી ગયા છે.



મળસ્કે ૪ થી મેબર્લીની સાંજે ૫ વાગ્યે વ્હાઇટહોર્સના એરપોર્ટ ઉપર ઉતરી ગયાં. પૂરા ૧૩ કલાકે યાત્રા વિરામ પામી.

સામે જ બેન ક્ષીપ્રા ફૂલ ને પ્રસાદ લઇ ઉભી જ હતી.

ક્ષીપ્રાનું પણ યાત્રામાં નામ હતું જ. એ દીકરી ગઇકાલથી અહીં હાજર થઇ છે. જાતે જ બધું શોધી કાઢે છે. મધરાતે એરપોર્ટ ઉપર ઉતરી. એરપોર્ટથી મોટેલની બસમાં પહોંચી ગઇ. બીજે દિવસે સવારે સ્ટોરમાંથી ફળદૂધ ખરીદી પણ લીધાં.

ને માની મંડળીને સત્કારવા ફરી બસમાં એરપોર્ટ હાજર થઇ સૌ માટે પણ અલગ અલગ ૧, ૧ બેગમાં સત્કારનો પ્રસાદ ક્ષીપ્રા સૌને અપાવે છે.

લાવે છે ક્ષીપ્રા પણ એની ભાવના એવી કે મા ના હાથે સૌને મળે. જાતે ના વહેંચે. વાયા મા.

શા માટે? એ તો એની શ્રદ્ધાની વાત છે. એવું માને છે કે મા ના હાથે મળે તો સ્વીકારનારને આનંદ થાય. અને એમાં જે વસ્તુ છે તે પ્રસાદ બની જાય.

પ્રસાદ કેવી રીતે બની જાય તે તો ખબર નથી. પણ સત્યપથની એક નાનકડી ઘટનાનું અહીં સ્મરણ થઇ રહ્યું છે.

સાંજની બેઠકમાં સૌ ભક્તો બેઠા છે. પ્રશ્નોત્તરી શરુ થઇ છે. એક ભાઇ પૂછે છે :—

મહાત્માજી, અહીં મૂકેલું આ શ્રીફળ તો બજારનું જ ફળ છે. છતાં તેને સૌ પ્રસાદ માનીને કેવી રીતે સ્વીકારે છે?

**પૂ.શ્રી :—** બજારનું શ્રીફળ છે એ વાત સાચી છે. પણ અહીં એ ફળ અમે કોઇકને આપીએ તો તે પ્રસાદ માનીને સ્વીકારે છે.

અમારું આપવું સામાન્ય નથી. અમે પ્રાર્થના સાથે,

શુભકામના સાથે આપીએ છીએ. ખાનારાનું, સ્વીકારનારાનું મંગલ થજો.

એ પ્રાર્થના સાથે અપાય એટલે તે પ્રસાદ બની જાય. શુભ સંકલ્પ, શુભેચ્છા ને પ્રાર્થના એમાં ભળી જાય.

મહાપુરુષના કરકમળમાં શ્રી દૈવીશક્તિનો નિરંતર ધોધ વહેતો રહે છે. મહાપુરુષોના નેત્રોમાં, મહાપુરુષોના ચરણમાં મહાપુરુષોની વાણીમાં આશીર્વાદનો, મંગલ કામનાનો, સૌનું કલ્યાણ થાઓ એવી પ્રાર્થનાનો અસ્ખલિત પ્રવાહ વહેતો હોય છે.

એટલે જ તો મહાપુરુષનો 'વરદ હસ્ત' મસ્તકે પધરાવવાની પરંપરા છે. એટલે તો મહાપુરુષના ચરણાવિંદને પ્રણામ કરવાની પરંપરા છે.

પૃથ્વીપટે જ્યાં જ્યાં એવા સમર્થ શક્તિશાળી, સિદ્ધ મહાપુરુષો વિચરે તે તે ભૂમિ પણ તીર્થનો મહિમા ધારણ કરે.

અરે! મહાપુરુષો જ્યાં જ્યાં દૃષ્ટિ કરે તે તે વસ્તુ કે વ્યક્તિ પણ પવિત્ર પ્રસાદ જેવી બની જાય છે એવું મા માને છે.

સંનિધિનો, છત્રછાયાનો, નિકટના પ્રત્યક્ષ સમાગમનો એ જ તો મહિમા છે.

આવા વિશાળ અર્થ સાથે ક્ષીપ્રાની ભાવના શાસ્ત્રોક્ત છે એવું માની શકાય.

જેમ ધૂપસળીવાળુ વાતાવરણ અને દુષિત વ્યસનોથી દુર્ગંધ ધરતું વાતાવરણ જે જે એના વર્તુલમાં આવે તેને તેને સ્પર્શ ના કરે છતાં અસર કરે જ છે.

જેમ ડૉક્ટરો દર્દીને તપાસે ત્યારે ત્યારે વિશેષ વસ્ત્રો કે



હાથમાં મોજા કે મોઢા ઉપર મુહપત્તી બાંધે છે. વારેવારે હાથ પણ ધોતા રહે છે.

જેમ કચરો ઉપાડનાર પણ મોજા પહેરે, મોઢા ઉપર પણ રુમાલ બાંધે.

શા માટે? અહીં સ્પર્શની, ગંધની, હવાની જે અસર છે તે અસર તેને તેને અસર કરે છે. આજકાલ ખૂબ પ્રચલિત શબ્દ વાયરસની વાત સૌ જાણે છે.

આ વિષયના સંદર્ભમાં કહી શકાય કે સમર્થ, સાચા, ઈશ્વરદર્શી, સિદ્ધ સંત મહાપુરુષના દૈવી સ્પર્શમાં એક દૈવી શક્તિ વસે છે જે સ્પર્શથી પોતાની રીતે અન્યને સહાયક થાય છે. એવા સમર્થની પ્રત્યક્ષ સંનિધિ પણ પ્રત્યેક ને પવિત્ર કરવા, અપરાધોથી રક્ષાયેલા રાખવા સમર્થ છે.

સમર્થની છાયામાં નિકટના સાન્નિધ્યમાં રહીએ તો એમની અમૃતવાણીથી બુદ્ધિ નિર્મળ બને. કોઈક દુષિત કર્મ કરવાની ઈચ્છામાંથી નિવૃત્તિ મળે. મનવાણીથી, કર્મથી સત્કર્મની ઈચ્છા થાય વગેરે.

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, સમર્થની છત્રછાયામાં ઉજળા બને, પવિત્ર બને, શક્તિશાળી બની સાત્વિક બને.

એ અર્થમાં સત્યપથની બેઠકના પેલા પ્રશ્નને સારી રીતે સમજી શકાય.

જોકે અહીં બેન ક્ષીપ્રા માને આપે. મા પણ બધા બાળકોને પ્રેમથી આપે એ બધુ સ્વાભાવિક છે.

**(ક્રમશઃ)**

# શું શ્રદ્ધા વૈજ્ઞાનિક હોઇ શકે? દાન આપતાં કેવી ભાવના રાખવી?

—આ.કલ્યાણબોધસૂરી

## શું શ્રદ્ધા વૈજ્ઞાનિક હોઇ શકે?

શ્રદ્ધાનું નામ પડશે, તો મોડર્ન જનરેશનના માનસપટ પર કદાચ એક એવું ચિત્ર ઉપસી આવશે, કે જે તથ્યહીન, બિનતાર્કિક કે હાસ્યાસ્પદ હશે. પણ જાણીને આશ્ચર્ય થશે કે હવે આવનારું અલ્ટ્રા મોર્ડન જનરેશન 'શ્રદ્ધા'માં મજબૂત શ્રદ્ધા ધરાવતું હશે, આપણા બાપ–દાદાઓની શ્રદ્ધા કરતાં પણ વધુ મજબૂત શ્રદ્ધા અને એનું કારણ એ હશે, કે શ્રદ્ધાના પરિણામોને એ પોતાની નજર સામે જોઇ શકશે અને અનુભવી શકશે. કારણ કે આ વિષયનું વૈજ્ઞાનિક સંશોધન એના કેટલાય માઇલસ્ટોનોને પાર કરી ચૂક્યું છે.

રશિયામાં નેલ્યા માઈખાલોવા નામની એક વ્યક્તિ થઇ ગઇ. એ માત્ર ધ્યાન દ્વારા વસ્તુઓને દૂરથી ગતિમાન કરી શકતી. વસ્તુ છ ફૂટ દૂર હોય. માઈખાલોવા એના પર ધ્યાન કેન્દ્રિત કરે અને તેનાથી તે વસ્તુ તેની તરફ ખેંચાઇ જાય કે હલી જાય. લોહચુંબકવાળી સોય સાધારણ રીતે ઉત્તર–દક્ષિણ રહે છે, પણ માઈખાલોવા તેની દિશા બદલી શકતા, તે પણ દૂરથી જ.

આવા અનેક પ્રયોગો લગભગ ચાલીશ વૈજ્ઞાનિકોની હાજરીમાં પુરવાર કરયા. જેમનામાં નોબેલ ઇનામ જીતનાર વૈજ્ઞાનિક ડૉ.વસિલિએવ અને કોમિનિયેવ પણ હતાં. તમામ વૈજ્ઞાનિકોએ જાહેર કર્યું કે માઇકાલોવા જે કરી રહી છે, તે સત્ય



હકીકત છે. હવે એવા વિદ્યુત ચુંબકીય યંત્ર વિકસિત થયાં છે. માઈખાલોવા જ્યારે ધ્યાનમાં એકાગ્ર થાય છે, ત્યારે તેનું આભામંડળ સંકોચાઇને એક ધારામાં વહેતું હોય છે, તેનો ગ્રાફ તે યત્રમાં અંકિત થાય છે. જે વસ્તુ તરફ એ ધ્યાન કેન્દ્રિત કરે છે, તેના તરફ એક લેસર કિરણની જેમ એની શક્તિ તરંગો દ્વારા પ્રસરીને એ વસ્તુને હટાવે છે કે ચુંબકીય આકર્ષણ પેદા કરી પોતાની તરફ ખેંચે છે.

માઈખાલોવા પાસે આનું સ્પષ્ટીકરણ માંગવામાં આવ્યું, ત્યારે તેણે જણાવ્યું કે હું તે વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરીને દૃઢ શ્રદ્ધાપૂર્વક એવો ભાવ કરું છું કે તે વસ્તુ મારી તરફ ખેંચાય, તેનાથી તે વસ્તુ મારી તરફ ખેંચાઇ આવે છે. અને હું દૃઢ શ્રદ્ધાપૂર્વક એવો ભાવ કરું, કે 'તે વસ્તુ હટી જાય.' તો તે હટી જાય છે.

ધીરુભાઇ અંબાણીની થિયરી એવી હતી કે 'તમે જે જોઇ શકો છો, તેને તમે મેળવી શકો છો.' 'શ્રદ્ધા'ની થીયરી એવી છે કે 'તમે પ્રામાણિકપણે સદ્ભાવનાપૂર્વક જે વિચારી શકો છો, તે થઇ શકે છે.' ભગવાનની પાસે હાથ જોડીને આંખો બંધ કરીને પ્રશાંત મુખમુદ્રા સાથે શ્રદ્ધામાં ઓગળી જતી કોઇ વ્યક્તિને જોઇને જો કોઇ નાકનું ટેરવું ચડાવે, તો તે ઓર્થોડોક્સ કહેવાય અને જો કોઇ એની સાથે પોતે ય 'શ્રદ્ધા'માં જોડાઇ જાય, તો એ અલ્ટ્રા મોર્ડન કહેવાય. એવા દિવસો હવે બહુ દૂર નથી.

## દાન આપતાં કેવી ભાવના રાખવી?

કેટલાક લોકો એવા હોય છે કે ઘરમાં જે વાનગી બગડી જાય, સડી જાય, વાસ મારતી થઇ જાય અથવા કોઇને ભાવતી ન હોય તે ભિખારીને બોલાવીને કૃષ્ણાર્પણ કરી દે છે. તમને જે

ગમતું નથી તે કોઈને આપશો નહીં. ભિખારી પણ ભગવાનનો અંશ છે. તમે આપો ત્યારે પ્રભુનું સ્મરણ કરીને આપો, ભગવદ્‌ભાવ રાખીને આપો તો જ દાન સાર્થક થશે. દાન લેનાર હલકો છે એવું સમજીને આપશો તો તે દાન સફળ થશે નહીં.

ભિખારી માંગતો નથી; એ તો આપણને આપવા આવે છે—એક અમૂલ્ય બોધ. એ ઉપદેશ આપે છે કે, 'પૂર્વજન્મમાં મેં કોઈને આપ્યું નથી તેથી મારી આ દશા થઈ છે. તેથી હું દરિદ્રી થયો છું. તમે નહીં આપો તો પછી તમે પણ મારા જેવા જ થશો.'

## શું ભગવાન ખરીદી શકાય?

**—હરિના માર્ગમાંથી**

એક વખત સત્યભામાજીને અભિમાન થયું કે, 'ભગવાનની સૌથી માનીતી તો હું જ.' ભગવાનનો પ્રેમ તો સૌ માટે એક સરખો જ હોય. સત્યભામાનું અભિમાન ઉતારવા પ્રભુએ લીલા કરી.

ભગવાનની પ્રેરણાથી નારદજી આવી ચઢ્યા. સત્યભામાએ નારદજીને કહ્યું : 'મને આવા પતિ ભવોભવ મળે તેવો ઉપાય બતાવો.'

નારદજીએ કહ્યું : 'જે વસ્તુનું તમે આ જન્મમાં દાન કરો તે વસ્તુ તમને આવતા ભવમાં મળે. તમારે શ્રીકૃષ્ણ આવતા જન્મમાં પણ પતિ તરીકે જોઈતા હોય તો એમનું દાન કરો.'

સત્યભામાજી તો ભગવાનનું દાન દેવા તૈયાર થઈ ગયાં. પણ આવું દાન લે કોણ? કોઈ દાન લેવા તૈયાર ન થયું ત્યારે સત્યભામાજીએ નારદજીને દાન લેવા સમજાવ્યા. આખરે



નારદજી સંમત થયાં. સંકલ્પ કરીને સત્યભામાજીએ તે શ્રીકૃષ્ણનું દાન નારદજીને કરી દીધું. નારદજી શ્રીકૃષ્ણને લઈને ચાલવા લાગ્યા.

સત્યભામાજીએ ગભરાઈને કહ્યું : 'મારા પતિને તમે ક્યાં લઈ જાવ છો?'

નારદજીએ કહ્યું : 'તમે હમણાં જ તમારા પતિનું દાન મને કર્યું છે ને? હવે તે મારા થયા. શ્રીકૃષ્ણ મને દાનમાં મળ્યા એટલે હવે એમના ઉપર મારો અધિકાર થયો.'

સત્યભામાજીને પોતાની ભૂલ સમજાઈ. એમણે નારદજી પાસે શ્રીકૃષ્ણ પાછા માગ્યા. નારદજી કહે, 'દાનમાં આપેલી વસ્તુ પાછી લેવાય નહીં. અને હું આપું પણ નહીં.'

આ વાતની જાણ શ્રીકૃષ્ણની બીજી રાણીઓને થતાં સૌ ત્યાં દોડતી આવી. રુક્મિણીજી ત્યાં ઉપસ્થિત ન હતાં. સૌ રાણીઓ નારદજીને વિનવવા લાગી કે, 'અમારા શ્રીકૃષ્ણ અમને પાછા આપો.'

નારદજી કેમેય માનતા નથી. અંતે જ્યારે બહુ મનાવ્યા ત્યારે નારદજીએ કહ્યું : 'હું મફતમાં તો એમને પાછા ન આપું. તમારે પાછા જોઈતા જ હોય તો શ્રીકૃષ્ણના ભારોભાર સોનું મને આપો.'

સત્યભામાજી ખુશ થઈ ગયાં : 'અહો! એ તે કઈ મોટી વિસાત છે? મારી પાસે તો પુષ્કળ દાગીના છે, સ્યમંતકમણિ છે. ભગવાનનું વજન તે થઈ થઈ ને કેટલું થશે?'

સત્યભામાજી પોતાના સઘળા દાગીના લઈ આવ્યાં. ત્રાજવાના એક પલ્લામાં શ્રીકૃષ્ણને બેસાડ્યા. બીજા પલ્લામાં સત્યભામાજીએ દાગીના મૂકવા માંડ્યા. એમ કરતાં કરતાં સઘળા દાગીના મૂકાઈ ગયા. પરંતુ શ્રીકૃષ્ણ બેઠેલા તે પલ્લું

જરાયે ઊંચકાયું જ નહીં. સત્યભામાજીએ પોતાની પાસેનું શેષ જર—ઝવેરાત, હીરા—મોતી અને અંતે સ્યમંતકમણિ પણ સામે પલ્લે મૂક્યો. પણ શ્રીકૃષ્ણ તોળાતા નથી.

જીવને અભિમાન આવે ત્યારે ભગવાન હલકા કેમ થાય? ભગવાનનું મૂલ્ય શું હીરા—મોતી અને દાગીનાઓથી થઇ શકે? ભગવાન શું દ્રવ્યથી ખરીદાઇ શકે? બધી રાણીઓ પોતાના સઘળા દાગીના લઇ આવી. છતાં શ્રીકૃષ્ણનું વજન ન થયું તે ન જ થયું. અંતે સત્યભાષા રુકિમણીજીને શરણે ગયાં. રુકિમણીજી ત્યાં પધાર્યા. ભગવાન કેમ તોળાતા નથી તેનું રહસ્ય પામી ગયાં.

એમણે કહ્યું : 'ભગવાનને તે દાગીનાથી તોળાતા હશે?'

પછી તો રુકિમણીજીએ પ્રેમથી તુલસીનું એક પાન પલ્લામાં અર્પણ કર્યું. ભગવાન તોળાઇ ગયા.

પરમાત્મા પ્રેમને આધીન છે. દાન, તપ, તીર્થયાત્રા, યજ્ઞ, દ્રવ્ય, માત્ર જ્ઞાન—આ કશાથી પરમાત્મા મેળવી શકાતા નથી. પરમાત્માને પ્રાપ્ત કરવાનું એક માત્ર સાધન ભક્તિ છે.

પૈસાથી જ પરમાત્મા મળતા હોત તો આ બધા શ્રીમંત લોકો તો ઠાકોરજીને પણ ખરીદી લે એવા છે. એ તો લાખ બે લાખ રૂપિયા ભગવાનને ભેટ ધરીને ઘરમાં જ બેસાડી રાખે. પણ ભગવાન એમ કંઇ પૈસા માટે એકને ઘેર વિરા જતા હશે? ભગવાન કહે છે કે, 'હું તો લક્ષ્મીનો પતિ છું મેં તને ઘણું આપ્યું છે. તું મને અર્પણ કરે તે શું ધાડ મારે છે?'

પરમાત્મા પૈસો માગતા નથી પરમાત્માને કોઇ જ્ઞાનથી બુદ્ધિથી રાજી કરી શકતું નથી. ઈશ્વર સર્વજ્ઞ છે. પરમાત્માને પ્રસન્ન કરવા માટે બહુ પૈસાની કે બહુ ભણતરની પણ જરૂર નથી. પરમાત્મા તો પ્રેમથી વશ થાય છે.



# ભુવનકારમાં ભગવાનનું ધ્યાન

—વિનોબા

## ભુવનકારમાં ભગવાનનું ધ્યાન

ચિંતનની બે પ્રક્રિયાઓ અનાદિકાળથી આજ સુધી ચાલી આવી છે. જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી તેને સેવાકાર્યમાં પરોવાયેલો રાખવો જોઇએ. અને સેવાકાર્ય કરતાં કરતાં દેહ છોડવો જોઇએ. આનો ઉત્તમ આદર્શ આ જમાનામાં મહાત્મા ગાંધીએ રજૂ કર્યો. મૃત્યુની પાંચ—દસ મિનિટ પહેલાં તેઓ સાર્વજનિક કામની ચર્ચા કરતા રહ્યા.

બીજો એક ચિંતનનો આદર્શ છે કે સ્થૂળ સેવા કરવાની એક મર્યાદા છે. ત્યાર બાદ સૂક્ષ્મમાં જવું જોઇએ. સ્થૂળ સેવાનો લોભ, આગ્રહ, આસક્તિ કે પ્રેરણા છોડીને સૂક્ષ્મમાં જવું જોઇએ. બહુ વિશાળ છે સૂક્ષ્મ સૃષ્ટિ. જેટલી આ સ્થૂળ છે તેનાથી તે ઓછી નથી. દેહ છે ત્યાં સુધીમાં પોતના મરણનું દર્શન કરી લેવું જોઇએ. આ બીજી પ્રક્રિયા તરફ મારું ચિત્ત ઢળી રહ્યું છે. ૧૯૧૬માં મેં ઘર છોડેલું. 'अथातो ब्रह्मजिज्ञासा' શબ્દ સાથે હું નીકળ્યો હતો. આ વરસે તેને ૫૦ વરસ પૂરાં થઇ રહ્યાં છે. મને થયું કે પચાસ વરસની સ્થૂળ સેવા પૂરતી માનીને સૂક્ષ્મમાં પ્રવેશ કરવો જોઇએ. ક્રિયા ઓછી, કર્મ વધુ. ઉત્તરોત્તર ક્રિયા ઓછી થવી જોઇએ, ઉત્તરોત્તર કર્મ વધતું જવું જોઇએ.

તો, આ વરસે મને અંદરથી આદેશ મળ્યો છે. હવે હું પોતે લોકોની પાસે નહીં જાઉં. લોકો સહેજે મારી પાસે આવશે તો તેમને સલાહ વગેરે આપીશ. અન્યથા સૂક્ષ્મમાં પ્રવેશ કરવાની

કોશિશ કરીશ. સૂક્ષ્મ વિશ્વ બહુ મોટું છે. બાકી આપણા કાર્યક્રમ સાથે મારી શુભકામના જોડાયેલી રહેશે. તેનો લાભ લોકોને મળશે. મારું માનવું છે કે તેનું કાં તીવ્ર પરિણામ આવશે, કાં કશુંયે નહીં આવે, કાં બંને થશે. વિજ્ઞાનમાં પ્રયોગો થાય છે તે બધા જ કાંઇ સફળ નથી થતા. વિજ્ઞાનમાં જેમ થાય છે, તેવું જ અહીં પણ થશે—કાંઇ પણ નિષ્પત્તિ ન થાય અથવા ઉત્તમ નિષ્પત્તિ થાય.

વિજ્ઞાનમાં પણ અણુ—શક્તિનો વિકાસ થયો ત્યારે ખ્યાલમાં આવ્યું કે સ્થૂળ શસ્ત્રો કરતાં સૂક્ષ્મ શસ્ત્રો અધિક પરિણામકારક હોય છે. જે રીતે વિજ્ઞાનના ક્ષેત્રમાં સૂક્ષ્મ શસ્ત્રો શોધાયાં, તે જ રીતે અધ્યાત્મના ક્ષેત્રમાં પણ સૂક્ષ્મ શોધન થઇ શકે. તે દૃષ્ટિથી મેં સૂક્ષ્મ કર્મયોગમાં પ્રવેશ કર્યો છે.

એક રીતે કહીએ તો બ્રહ્મવિદ્યામંદિરની સ્થાપના જ સૂક્ષ્મમાં પ્રવેશ હતો. વિજ્ઞાનની શોધ સ્થૂળ—સૂક્ષ્મ બંને પ્રકારની હોય છે. મને તો એવી શોધમાં રસ છે જેમાં ચિત્તની સાથે કોઇ સંબંધ ન હોય. ચિત્તથી ઉપર બેઠેલી ‘ઉન્નત’ શોધ હોય.

ધ્યાન, ભક્તિ, જ્ઞાન વગેરે ક્રિયાઓ મને ખૂબ પ્રિય છે અને વરસોથી સ્થૂળ કર્મયોગની સાથે તે કરતો પણ આવ્યો છું. પ્રત્યેકને તેની જરૂરત પડે છે. મેં તેને વિકર્મ નામ આપ્યું છે. આ વિકર્મોને જ્યારે કર્મ સાથે જોડીએ છીએ ત્યારે શક્તિ—સ્ફોટ થાય છે. છતાંયે હું એમ નથી કહી રહ્યો કે હું ધ્યાનમાં, ભક્તિમાં, જ્ઞાનમાં પ્રવેશી રહ્યો છું. હું કહું છું કે સૂક્ષ્મ કર્મયોગમાં પ્રવેશ કરી રહ્યો છું. સ્થૂળ કર્મયોગની એક મર્યાદા છે, સીમા છે. ત્યાર બાદ એને છોડવો જોઇએ અને સૂક્ષ્મમાં



પ્રવેશ કરવો જોઇએ. માણસની પણ આખરે અમુક મર્યાદા છે. મર્યાદાની બહાર એ કાંઇ કરી નથી શકતો. તો મારી પોતાની કેટલીક શ્રદ્ધા છે, તે અનુસાર હું ચાલું છું. હું માનું છું કે આપણે પોતે જ ક્યારેક આ ખતમ કરવું પડશે, નહીં તો ખતમ થશે જ નહીં. નિવૃત્તિ એટલે અપ્રવૃત્તિ નહીં. પ્રવૃત્તિ અપ્રવૃત્તિથી ભિન્ન છે, નિવૃત્તિ. ચિત્તને દેહથી, સમાજથી અળગું કરીને ચિત્તનું ચૈતન્ય બનવું જોઇએ. તે એક બહુ મોટો કાર્યક્રમ છે. જે દિવસે ભગવાનનું તેડું આવે છે ત્યારે સૌ કોઇને સૂક્ષ્મમાં દાખલ થવું પડે છે. પરંતુ એમાં તો કેવળ સૂક્ષ્મ દેહમાં જ દાખલ થવાનું હોય છે, એટલે મેં ‘સૂક્ષ્મ કર્મયોગ’ની પ્રક્રિયા વિચારી છે. મારી અપેક્ષા છે કે પૂર્ણ ચૈતન્યમાં ગયા પછી કર્મયોગ ક્ષીણ નહીં થાય, બલ્કે તે વધુ વીર્યવાન થશે.

માણસમાં વાસનાનો એવો આવેગ હોય છે કે ‘ન કરવું’ અશક્યવત્ લાગે છે. એટલે સ્થૂળ કર્મયોગ લાચારીની વાત છે. પરંતુ જીવનમાં એવી પણ અવસ્થા આવવી જોઇએ જ્યારે સ્થૂળ ક્રિયાની જરૂર ન પડે અને સૂક્ષ્મ ભાવ—શક્તિથી કામ થતું રહે.

મને ખાતરી છે કે ચિંતનથી અને ધ્યાનથી ઘણી બધી સેવા થઇ શકે છે. જેટલી સેવા કાર્યથી થાય છે તેનાથી ઘણી ઝાઝી સેવા ચિંતનથી અને ધ્યાનથી થાય છે.

ક્ષેત્ર નાનું લઇએ તો કંઇક વિશિષ્ટ સ્થૂળ કાર્ય કરી શકીએ. પણ ક્ષેત્ર જેટલું વ્યાપક તેટલું આપણું કામ ભાવનાત્મક રહેવાનું. અમુક જગ્યાએ સફાઇ કરવી હોય તો તે ઝાડુ લઇને થઇ શકે. પરંતુ સ્વચ્છ વિશ્વનું કાર્ય માનસિક હશે. જ્યાં આપણા પગ હોય તે સ્થાન સારુ શારીરિક કામ અને વિશ્વ સારુ માનસિક

કામ. મનમાં ગંદકી ન રાખીએ તો વિશ્વની સ્વચ્છતાનું કામ કર્યું કહેવાય. વિશ્વ સાથે તદ્‌રૂપ આપણું મન બને એ વિશ્વશાંતિનું સર્વોત્તમ સાધન છે. આ કામમાં આપણું કર્મ જેટલું ઓછું હશે અને આત્મિક ભાવપૂર્વકનું ધ્યાન જેટલું વધશે, એટલું કામ સુલભ થશે. ક્ષેત્ર જેમ નાનું તેમ કર્મનું બળ વધુ અને શબ્દનું બળ ઓછું. મોટા ક્ષેત્રમાં વાણી વધુ અસરકારક અને એનાથીયે વધુ અસર મૌનની.

સૂક્ષ્મ કર્મયોગમાં સમાજને છોડવાનો ખ્યાલ નથી. સમાજની તરફ અભિમુખ રહીને તેમાં પ્રવેશ કરવાનો છે. તેને માટે મેં શબ્દ શોધ્યો છે—અભિધ્યાન. અભિધ્યાન એટલે સૃષ્ટિને સામે રાખીને ભુવનાકારમાં ભગવાનનું ધ્યાન કરવું. જે સ્થૂળ કર્મયોગથી નથી થઇ શકતું તે સૂક્ષ્મ કર્મયોગથી થવું જ જોઇએ, એવી મારી શ્રદ્ધા છે.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# પૂ.શ્રીની પુણ્યતિથિએ ત્રણ પુસ્તકોનું પ્રકાશન

—તંત્રી

આ વર્ષે તા.૧૮ માર્ચ ૨૦૧૫ના પૂ.શ્રી યોગેશ્વરજીના ૩૨મા નિર્વાણદિને હરિદ્વારમાં પૂ.માની ઉપસ્થિતિમાં પૂ.શ્રીના ત્રણ પુસ્તકોનું પ્રકાશન થયું. આ ત્રણ પુસ્તકોનાં નામ છે. અંતરનો અનુરાગ, પ્રેમ—સંગીત અને ધૂપસુગંધ.

ધૂપસુગંધની બીજી આવૃત્તિ શ્રી વિજયસિંહ રાણા અને એમનાં ધર્મપત્ની શ્રીમતી કુંદનબેન રાણાની લગ્ન જીવનની અર્ધશતાબ્દી વર્ષ નિમિત્તે થયું. તો બીજા પુસ્તક પ્રેમ—સંગીતનું પ્રકાશન ભાઈશ્રી જગુભાઈ મિસ્ત્રીની પચાસમી નવરાત્રિ વ્રત ઉજવણી નિમિત્તે, નવચંડી યજ્ઞ સાથે થયું. આ કાવ્યની રચના પૂ.શ્રી યોગેશ્વરજીએ સને ૧૯૪૯માં તા.૨૧ જૂને આરંભી અને તા.૨૭ જૂને ફરી કરી આમ માત્ર ૭ દિવસમાં જ પૂરી કરી છે.

તો ત્રીજો કાવ્યસંગ્રહ અંતરનો અનુરાગનું પ્રકાશન ભાઈ રાજુએ એમનાં પૂ.માતા શ્રી સરસ્વતીબેન જાનીની પુણ્ય સ્મૃતિમાં કરાવ્યું છે. જેમાં ૧૬૫ જેટલાં પૂ.શ્રીનાં અપ્રગટ કાવ્યો છે જે તેઓએ સને ૧૯૫૪ના વર્ષમાં લખેલાં આ અનુરાગ ભરેલા કાવ્યો પૂ.શ્રીની તે સમયની મા જગદંબાના દર્શનની ઉત્કટ ઝંખનાના આવીષ્કારરૂપ છે.

પ્રેમસંગીતના પ્રકાશન સંબંધે આ અંકમાં અલગ ઉલ્લેખ કરેલ છે, જ્યારે અંતરનો અનુરાગ વિષે હવે પછીના અંકોમાં

કરવામાં આવશે.

ધૂપસુગંધ સિવાયનાં બે પુસ્તકો વેચાણાં મૂકાયેલ નથી. તે પૂ.શ્રીનાં અપ્રગટ સાહિત્યને પ્રગટ કરી દેવાની પૂ.માની યોજનાના ભાગરૂપ છે. તે વેચાણ માટે નથી તેની વાંચકોને નોંધ લેવા વિનંતિ છે. હરિદ્વારમાં તે સમયે ઉપસ્થિત સાધકોને તેમજ રસ ધરાવતા સાધકોને પૂ.માએ તે ભેટ આપેલ છે.

## વિચારશૂન્ય બની મનને જીતો

ઘણા ઓછા લોકો હોય છે જે એ સ્વીકારી શકે છે કે આપણા મનમાં ખોટી વાતો ચાલતી રહે છે. ખોટી વાત કે કામનો અર્થ માત્ર વાસના કે શરીરના દુષ્કર્મનો નથી. ઘણા લોકો તો એ પણ સમજી શકતા નથી કે મન શું હોય છે બસ, તેઓ એ વાતથી જ ચિંતિત હોય છે કે અમે અંદરથી એવા નથી જેવા બહારથી દેખાઈએ છીએ. તો શું આખું જીવન આવી મુંઝવણમાં પસાર કરવાનું હોય છે. આપણે પોતાના મનને પકડવું પડશે, સમજવું પડશે અને જે દિવસે મન સમજાઇ જશે એ દિવસે તેનું નિયંત્રણ શરુ થઈ જાય છે. જેવી રીતે કોઇ વિદ્યાર્થી પીએચડી કરતા સમયે કોઇ વિષયનો અભ્યાસ કરે છે, સંશોધન કરે છે, એવી જ રીતે આપણે અંદર મનનો ખૂબ જ સૂક્ષ્મ અભ્યાસ કરવાનો હશે. કેમ કે એ પકડાતું નથી. મનને જોવાની એક રીત છે. શાંત બેસી જઈએ. જો, એક પણ વિચાર ચાલશે તો મન પકડાશે નહીં. વિચારશૂન્ય બનીને બેસી જાઓ. જેટલા વધુ સમય સુધી વિચાર શૂન્ય બેસશો એટલી ઝડપથી મન પકડમાં આવી જશે. મનને પકડવામાં એક કલ્પના કામ લાગશે. જરા વિચારો કે, તમે નદીના કિનારે બેઠા છો અને પાણી અટકેલું છે, બિલકુલ શાંત



છે. એ જ સમયે પાણીમાં તમે એક પથરો નાખો છો તો પાણીમાં તરંગો ફેલાઈ જાય છે. જેવો પથરો ડુબી જાય છે, તરંગો સંકોચાઈ જાય છે અને પાણી પાછું શાંત થઈ જાય છે. મન પણ આવું જ છે. એ તરંગોના સ્વરૂપમાં ફેલાય છે અને એ જ સ્વરૂપમાં સંકોચાઈ પણ જાય છે. જો તમે મનનો ફેલાવો અને સંકોચન જોઇ શકશો તો અહીંથી જ મન પકડાઇ જશે. મન નિષ્ક્રિય હશે અને સંપૂર્ણપણે તમારી પકડમાં હશે. અહીંથી તમારું બેવડું વ્યક્તિત્વ સમાપ્ત થવા લાગશે. તમારું મન ક્યારેક કંઇ વિચારશે તો ક્યારેક બીજા વિચારે ચડેલું હશે. તેના પર નિયંત્રણ એ વાતમાં જ છે કે તેના ફેલાવાને જૂઓ, તેનું સંકોચન જુઓ. થોડા વિચારશૂન્ય બનશો તો મન પકડાઇ જશે અને જીવનની ઘણી મોટી સમસ્યાનું નિદાન મળી જશે.

—પંડિત વિજયશંકર મહેતા


**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# પૂ.રણછોડદાસજી મહારાજની મહત્ત્વપૂર્ણ વાતો

**—પૂ.રણછોડદાસજી મહારાજ**

૧—૧૧—૬૭ કો દિપાવલી ઔર ૫—૧૧—૬૭ કો કાર્તિક સુદી ચતુર્થીકા ઉત્સવ મનાયા ગયા. ચતુર્થી કે દિન—

**શ્રી ગુરુદેવ :—** મેરી સમઝ મેં શિષ્યકા મહત્ત્વપૂર્ણ કર્તવ્ય આસુરી સંપત્તિકા ત્યાગ ઔર દૈવી સંપત્તિકા આચરણ હૈ. ભાવાવેશ મેં આકર કોઇ ભી મર્યાદા ઔર શિષ્ટતાકા ઉલ્લંઘન ન કરો. ધક્કા મુક્કી ન કરો. આપ લોગ ઐસા કભી ન સોચે કિ ગુરુ કે સાન્નિધ્ય મેં બેઠને સે હી ગુરુકા હમ પર ધ્યાન જાયેગા. (પરંતુ) ગુરુ તો કછુઆ જૈસા હૈ. પાની મેં રહકર ભી કછુઆ રેતી મેં પડે અંડે પર દ્રષ્ટિ કેન્દ્રિત કરતા હૈ. સિર્ફ ઉસ ઉષ્ણતા એ હી અંડે મેં સે બચ્ચા પૈદા હોતા હૈ. ઉસ કે લિયે કછુએ કો અંડે કે પાસ રહને કી જરુરત નહીં રહેતી. વૈસી હી ગુરુદેવ કો શિષ્યકા ખ્યાલ રહતા હૈં—ચાહે વે કિતને ભી દૂર હો.

○ જન્મ યાની કર્મોંકા ફલ. અબ સે જીવનકા ઉત્તમ ધ્યેય જરુર બનાના. અચ્છે કર્મ કર કે માનવ બને રહો. જૈસે વિચાર વૈસી ક્રિયા. ઈસીલિયે સંગત હંમેશા અચ્છી રખો. પ્રાર્થના રોજ કરના. પ્રાર્થના કભી નિષ્ફલ નહીં જાતી.

○ શુદ્ધ, સાત્વિક અંતઃકરણ મેં ઈશ્વર તુરંત દિખાઇ દેતે હૈં. મનુષ્ય કુછ નહીં હૈં. જો કુછ ભી હૈં સો સંસ્કાર સે હૈં. અચ્છે સંસ્કાર શુભકર્મ સે, શુભકર્મ સત્સંગ સે, સત્સંગ ઈશ્વર કૃપા સે ઔર ઈશકૃપા શરણાગતિ સે હોતી હૈં. ઇસલિયે ઉપર ઉઠના હો તો રામનામ જપતે હુએ ભગવદ્ શરણાગતિ લો. ઈશ્વર કબ તક હમારી અવહેલના કરતા રહેગા? જબ તક હમારે હૈં રજમાત્ર ભી અહંકાર રહેગા તબ તક!



○ 'રાજી હૈ હમ ઉસી મેં, જિસ મેં તેરી રજા હો.' ઐસા સંકલ્પ પક્કા કર લિયા તો અપને આપ પ્રેરણા મિલતી રહેગી, વિકાસ હોગા, ઔર બરાબર અનુભવ હોતા રહેગા કિ કોઇ અદ્રશ્ય શક્તિ હમેં અપની ઔર ખિંચ રહી હૈ.

○ (આજ) જન્મદિન કે ઉપલક્ષ મેં ભગવદ્‌શરણ હોકર અંતઃકરણપૂર્વક સબ યહી પ્રાર્થના કરો કિ અપના રાષ્ટ્ર ઔર અપની સંસ્કૃતિ બની રહે. દેશ કી પરિસ્થિતિ આજ ઈતની વિકટ બન ગઇ હૈ કિ ઉસ રક્ષા કે લિયે રામનામ જપના હી એકમાત્ર માર્ગ રહ ગયા હૈ. ભારતીય સંસ્કૃતિ બની રહે ઉસ કે લિયે હમ સબકો ભગીરથ પ્રયત્ન કરના હોગા.

### અરવિંદભાઇ કી પ્રતિજ્ઞા પૂરી કરવાઈ

○ ૬—૧૧—૬૭. પંચમી. રંકા મેં શ્રી અરવિંદભાઇને ભાત (ચાવલ) ન ખાને કી પ્રતિજ્ઞા કી થી, શ્રી ગુરુદેવને અપને કરકમલ સે શ્રી અરવિંદભાઇ કો મીઠે ભાત પરોંસકર પ્રતિજ્ઞા કી સમાપ્તિ કરાઇ.

○ પશ્ચાત્ શ્રી ગુરુદેવ માણેકલાલ કે પાસ (ગુફા મેં) પધારે. કાકા કઇ દિનોં સે બીમાર થે. કાકા કે શિર પર સ્વહસ્ત ફિરાતે શ્રી ગુરુદેવને કહા—'માણેકકાકા! બોલો શ્રી રામ' આંખે, ખોલી, શ્રી ગુરુદેવ કો નિહારતે રહે ઔર શ્રી રામ બોલતે—બોલતે પ્રાણ છોડ દિયા. અંત્યેષ્ઠિ ક્રિયા મેં શ્રી ગુરુદેવ પધારેં.

**રામ ચરન દૃઢ પ્રીતિ કરિ ''કાકા'' કીન્હ તનુ ત્યાગ।**
**સુમન માલ જિમિ કંઠ તે ગિરત ન જાનઈ નાગ॥**

### પુન્ય ન કર સકો તો ન સહી, પર પાપ ન કરો

○ શ્રી ગુરુદેવને માણેકકાકા કી સેવા કી સરાહના કરતે કહા :— દૂસરોં કો સુખ દેના એક મહાન યજ્ઞ હૈ, ભાગ્યવાન મનુષ્ય ઐસા યજ્ઞ કર સકતા હૈ. આપ ઐસા ન કર સકો તો કિસી કે દુઃખકા નિમિત્ત ન બનો. પુન્ય ન કર સકો તો ન સહી, પર પાપ ન કરો. દૂસરોં કો સુખ દેનેસે આત્મસંતોષ મિલતા હૈ. જીવન વ્યર્થ ન જાય સો દેખના. પ્રભુભજન કરના. અમૂલ્ય સમય કો વ્યર્થ નષ્ટ ન હોને દો. જો દિન નિકલ ગયા વહ વાપિસ નહીં આયેગા. માણેકકાકા જૈસી મૃત્યુ ભાગ્યવાન કો હી મિલ સકતી હૈ—તીર્થસ્થાન, ગંગાજીકા ઘાટ ઔર ગુરુકા સાનિધ્ય!!

○ સન્ ૨૨—૨૩ મેં ભરતપુર—મથુરા કે પ્રદેશ મેં સ્વામી શ્રીશ્રદ્ધાનંદજી મહારાજ આર્યસમાજીને મલકાને રાજપૂતોં કી શુદ્ધિ કી થી. વિધર્મી મુસલમાન શાસકોકે દ્વારા જબરન ધર્મપરિવર્તન ભી હોતા થા.

○ ભરતપુર કે પ્રદેશ મેં સબ જગહ યહ નારા સુનને મેં આતા થા—'મિયાં મૌલવી જાઓ અપની ગૈલ ગહો. હમ મલકાને નહીં રહે, અબ, રાજપુત સરદાર કહો'

### સાધુ મેં પ્રેમ હી કી અભિવ્યક્તિ હોતી હૈ

કેવલ અપના હી સુખોપભોગ કરનેવાલોં સે સબ કો પીડા પહુંચતી હી હૈ. (પરંતુ) અપને સુખકી ચાહ કો છોડકર દૂસરોં કો સુખ દેનેકી ચાહ રખનેવાલે સે સબ કોઇ નિર્ભય હો જાતા હૈ. ઈસીલિયે વહ સ્વયમ્ પ્રેમ હોકર અનેકોં કો પ્રેમ દે સકતા હૈ. વહ પ્રેમ સે, ઉદારતા સે સમાજ કે કામ આ જાતા હૈ. સાધુ વહી હોતા હૈ—જિન મેં પ્રેમ હી કી અભિવ્યક્તિ હોતી હૈ, જહાં ન



કોઈ ભેદ હૈ, ન કોઈ સ્વાર્થ હૈ. સાધુ કો સબ કોઈ અપને હી બરાબર હોતે હૈ. અપને સે ભિન્ન કુછ હોતા હી નહીં.

### ત્યાગ

ત્યાગ કોઈ બાહરી સ્થૂલ ચીજકા ત્યાગ નહીં હૈ. જિન કો તુમને અસત્, નશ્વર, જાન લિયા હૈ—ઉન સબ અસત્ સે અસહયોગ કરના ત્યાગ હૈ. સહી ત્યાગ હોતે હી ત્યાગકા ત્યાગ અપને આપ હો હી જાતા હૈ.

### ધર્માદાકા ખાતા નહીં ડાલના

ચોપડે મેં ધર્માદાકા ખાતા ડાલના નહીં ચાહિયે. કારણ કિ ઉસ ખાતે કી રકમકા ઉપયોગ હક ધર્મપૂર્વ પરહિત મેં નહીં કરેં તો ઉસકા બહુત ભારી અશુભ પરિણામ નિકલતા હૈ. ઈસીલિયે ધર્માદાકા ખાતા નહીં ડાલના. યદિ ડાલા તો ફિર પક્કા નિશ્ચય રખના કિ ઉસ ખાતે કી રકમ પૂરહિત કે કામ મેં લગ જાય.

ઉસ રકમ સે અપના યાત્રાખર્ચ નહીં નિકાલના. પર્વ કે દિનોંકા દાનધર્મ ભી ઉસ મેં સે નહીં નિકાલના. ગૌ—બ્રાહ્મણોં કો, ભિખારીઓં કો મૌકે પર દિયા જાયે વહ રકમ ભી ધર્માદા કે ખાતે મેં નહીં ડાલના.

ધર્માદા કે ખાતે મેં જમા હુઇ રકમકા વ્યાપારી હિસાબ સે વ્યાજ ગિનકર વ્યાજ કી રકમ ધર્માદા કે ખાતે મેં બરાબર નીતિપૂર્વક જમા કરતે રહના.

આશય યહ કિ ધર્માદા કે રકમ કી એક પાઈ ભી ફિર અપને લિયે, અપને દાન—વ્યવહાર મેં નહીં લેના. ધર્માદા કે ખાતે મેં બડી રકમ હો જાતી હૈ તબ કઈ બાર લોભ ઔર મોહ પ્રબલ હો જાતે હૈં ઔર ધર્માદા ખાતા કેવલ ચોપડે મેં—લિખને મેં રહ જાતા

હૈ. કભી કભી મન મનાને કે ઔર અશુભ કે ડર સે કૃપણતાપૂર્વક બહુત થોડા ધર્માદા મેં વાપસ (ઉપયોગ મેં) જાતા હૈ, પરંતુ ઈસ સે અશુભ રૂકેગા નહીં. કૃપણતાપૂર્વક બોયેગા તો ઉસ કી ફસલ ભી કૃપણ હોગી હી.

જબ મનુષ્ય હો યહ વિશ્વાસ હો જાતા હૈ કિ મેરા કોઈ રક્ષક હૈ, તબ વહ નિર્દ્વન્દ્વ હો જાતા હૈ. સચ્ચી જિજ્ઞા સે ઈશ્વરરાધના મેં લગ જાઓ. ઈશ્વર સાધન કરકે અનુભવ કરને કી વસ્તુ હૈ, બાતેં કરને કી નહીં.

સંસાર મેં રહકર જજ કી તરહ કામ કરો. જજ અદાલત મેં કુર્સી પર અપની ફર્જ પર બૈઠતા હૈ—તબ દત્તચિત્ત હોકર પૂરા કેસ સુનતા હૈ ઔર ઉસી મેં મન લગા દેતા હૈ. લેકિન કોર્ટકા સમય પૂરા હોતે હી સારી ઉપાધી વહીં છોડકર ઘર જાતા હૈ—તબ વહ અપને ઘરેલૂ કામ મેં ડૂબ જાતા હૈ. ઐસા ન કરેં તો ઉસ કે મત્થે પર બહુત બોજા હો જાયે. ઈસી પ્રકાર ધ્યાન કરતે સમય બહિરંગ સંકલ્પોં કો બંદ કર કે અંતરંગ જગત્ મેં પ્રવેશ કરો તો આપ કો સૂક્ષ્મ જગત્ મિલેગા.

**જિન ખોજા તિન પાઈયા, ગહરે પાની પૈઠા**
**મૈં બપુરા બૂડન ડરા, રહા કિનારે બૈઠ ॥**

કિનારે પર બૈઠકર ગહરાઈ કી બાતેં ભર કરને સે કુછ નહીં મિલેગા.

**સંકલન : ક.કુમુદીની પરમાનંદ પજવાણી**



# ચમત્કારની કિંમત

—ડૉ.આઈ.કે.વિજળીવાળા

**ટે**ઝી નામની એ છોકરીની ઉંમર હતી ફક્ત આઠ વરસ. ન્યૂયૉર્કના એક પરગણામાં એ, એનો બે વરસનો ભાઈ એન્ડ્ર્યું અને એનાં માતા—પિતા એમ ચાર જણ રહેતાં હતાં. ટેઝીને એન્ડ્ર્યુ ખૂબ જ વહાલો હતો. એમાંય જ્યારથી એ બરાબર ચાલતાં શીખી ગયો હતો ત્યારથી તો જાણે ટેઝીની દુનિયા જ બદલી ગઈ હતી. નિશાળેથી આવ્યા પછી છેક સૂવાની ઘડી સુધી એન્ડ્ર્યુ સાથે એની ધિંગામસ્તી ચાલતી જ હોય. નિશાળનું લેસન પણ એની મમ્મી પચાસ વખત માથાં ફોડે ત્યારે માંડ પૂરું થઈ શકતું. આખો દિવસ ભાઈ—બહેનની કિલકારીઓથી એમનું ઘર ગુંજતું રહેતું.

પરંતુ છેલ્લા કેટલાક દિવસથી આવા સરસ વાતાવરણને જાણે કે ગ્રહણ લાગી ગયું હતું. એન્ડ્ર્યુ માંદો પડી ગયો હતો. માબાપની વાત પરથી ટેઝીને એટલું સમજાયું હતું કે એન્ડ્ર્યુના મગજમાં કંઈક ગાંઠ કે એવી કોઈ ગરબડ ઊભી થઈ હતી. પણ એનાથી વિશેષ એ કંઈ પણ જાણતી નહોતી. ઘરના બદલાયેલા વાતાવરણે ટૈઁઝીને પણ એની ઉંમર કરતાં વધારે ગંભીર બનાવી દીધી હતી.

એક બપોરે નિશાળેથી આવ્યા બાદ ટેઝી પોતાના રૂમમાં સૂતી હતી ત્યારે બાજુના રૂમમાંથી એની મમ્મીના રડવાનો અવાજ આવ્યો. અવાજ ન આવે તેવી રીતે ચૂપચાપ એ બારણાંની પાછળ મમ્મી શું કામ રડે છે તે જાણવા ઊભી રહી.

તો? આપણે એન્ડ્ર્યુને સારો કરવા ઘર વેચી દેવું પડશે?

ખરેખર? એની મમ્મી રડતાં રડતાં બોલી.

બીજો કોઇ છૂટકો જ નથી. અને તો પણ એને સાજો કરી શકાય એટલા પૈસા તો નથી જ ઊભા થઇ શકે તેમ. એના પપ્પાએ નિસાસો નાખ્યો.

'તો, હવે શું થશે? આપણો એન્ડ્રયુ...એની મમ્મીનાં આંસુ અટકતાં જ નહોતાં. એ ત્રુટક ત્રુટક શબ્દોમાં માંડ માંડ બોલતી હતી.'

'બસ, હવે તો એને ફક્ત ચમત્કાર જ બચાવી શકે', એના પપ્પા બોલ્યા. પછી માબાપ બંને આંસુ સારતાં બેસી રહ્યાં.

ગમે તે હોય, પરંતુ પેલી ચમત્કારવાળી વાત ટૅઝીના મગજમાં બરાબર ફિટબેસી ગઇ. એણે થોડીક વાર સુધી શું કરવું એનો વિચાર કર્યો પછી પોતાની નાની બચતનો ગલ્લો (પિગીબેંક) બહાર કાઢ્યો. એમાં એકઠા કરેલ પૈસા એણે પોતાની પથારી પર ઠાલવીને ગણ્યા. બરાબર એક ડોલર અને તેર સેંટ થયા. (આશરે અડતાળીસ રૂપિયા). બરાબર ગણીને કાળજીપૂર્વક આ રકમ એણે એક પ્લાસ્ટિકની કોથળીમાં ભરી. પછી એક હાથમાં કોથળી પકડી હળવેથી એ પાછળના બારણેથી નીકળી ગઇ.

ટેઝીના ઘરથી થોડેક દૂર એક મેડિકલ સ્ટોર હતો. એ ત્યાં પહોંચીને કાઉન્ટર પાસે ઊભી રહી. કાઉન્ટર પર હાજર ફાર્માસિસ્ટ એક અન્ય વ્યક્તિ સાથે વાત કરવામાં મશગૂલ હતો એટલે એણે ટેઝીના આવવા પ્રત્યે ધ્યાન ન આપ્યું. આમેય ટેઝીનું માથું માંડ કાઉન્ટર સુધી પહોંચતું હતું.

ખાસ્સી વાર થવા છતાં દુકાનદારનું ધ્યાન ગયું એટલે ટેઝીએ પોતાના હાથમાં રહેલી સિક્કાઓની કોથળીને કાઉન્ટરના



કાચ પર થપથપાવી તથા એક વિચિત્ર અવાજવાળી ઉધરસ પણ ખાધી! એની આવી હરકત દુકાનદારનું ધ્યાન ખેંચવામાં સફળ નીવડી. થોડીક ચીડ સાથે એણે કહ્યું, 'અલી છોકરી, શું જોઇએ છે તારે? શું કામ આવો ખખડાટ કરી રહી છો? મારો ભાઇ ઘણા વખતે શિકાગોથી આવ્યો છે, એની સાથે મને બે ઘડી નિરાંતે વાત તો કરવા દે!'

'હું પણ મારા ભાઇની વાત કરવા માગું છું. એ બે વરસનો છે અને ખૂબ જ માંદો છે. મારા પપ્પા કહે છે કે હવે તો એને ચમત્કાર જ બચાવી શકે તેમ છે. એટલે હું ચમત્કાર ખરીદવા આવી છું.'

ફરી વખત બોલ તો બેટા, શું કહ્યું તેં? દુકાનદાર પર ટેઝીની વાતની કંઇક અસર થઇ હોય તેવું લાગ્યું.

'મારા નાના ભાઇનું નામ એન્ડ્રયુ છે. એને મગજમાં કંઇક બીમારી થઇ છે. અમે એને સારો કરવા માટે ઘર પણ વેચી દેવાના છીએ. તેમ છતાં મારા પપ્પા કહે છે કે પૈસા ઘટશે અને એને ફક્ત ચમત્કાર જ બચાવી શકે તેમ છે. જુઓ, મારી પાસે મારી બચતના પૈસા છે, એમાંથી જો આવી શકે તો તમે મને ચમત્કાર વેચાતો આપો ને! મને મારો ભાઇ એન્ડ્રયુ ખૂબ વહાલો છે. જો ચમત્કાર નહીં મળે તો...' નાનકડી ટેઝીની આંખો ભરાઇ આવી. એના ગળે ડૂમો બાઝી ગયો. એનાથી થોડી વાર આગળ કંઇ પણ બોલી શકાયું નહીં.

દુકાનદાર ટેઝીની વાતથી વ્યથિત થઇ ગયો હોય તેવું સ્પષ્ટ દેખાઇ આવતું હતું. ટેઝી તરફ ઝૂકીને બને તેટલી નરમાશથી એણે કહ્યું, 'મને માફ કરજે બેટા! પરંતુ આ દુકાનમાં અમે ચમત્કાર નથી રાખતા કે નથી વેચતા. સૉરી બેટા!'

'જુઓ અંકલ! મારી પાસે આ કોથળીમાં જે પૈસા છે તે ઓછા લાગતા હોય તો કહી દેજો. હું ઘરેથી મારી મમ્મી પાસેથી વધારે પૈસા લેતી આવીશ. ફક્ત મને એટલું તો કહો કે ચમત્કારની કિંમત કેટલી થાય?'

અત્યાર સુધી ચૂપચાપ આ બધી વાત સાંભળી રહેલ દુકાનદારના ભાઈએ ટેઝીની નજીક આવી તેના માથે હાથ મૂકીને પૂછ્યું : 'દીકરી, ચમત્કારો તો ઘણા પ્રકારના મળે છે. મને ફક્ત એટલું કહે કે તારા ભાઈને કેવા ચમત્કારની જરુર છે?'

અત્યંત લાગણીથી એ માણસે પૂછ્યું એટલે ટેઝીની આંખો ફરીથી ભરાઈ આવી. થોડી વાર રહીને એ બોલી, 'એ તો મને ખબર નથી અંકલ! પણ એને કોઈક ઑપરેશનની પણ જરુર છે. એના મગજમાં કંઈક તકલીફ થઈ છે. પણ અમારી પાસે પૂરતા પૈસા નથી. બસ, મને આનાથી વધારે કંઈ પણ ખબર નથી. પરંતુ મારા પપ્પા કહેતા હતા કે એને ફક્ત ચમત્કાર જ બચાવી શકશે. એટલે મારી પિગીબેંકમાં મેં જે પૈસા ભેગા કર્યા હતા, એમાંથી હું ચમત્કાર ખરીદવા આવી છું!'

પેલા અજાણ્યા માણસે બે ક્ષણ પૂરતો વિચાર કર્યો. પછી એણે ટેઝીને કહ્યું, 'હમ્...મ્.....મ્! તો એમ વાત છે? અચ્છા દીકરી, તું અત્યારે કેટલા પૈસા લાવી છો?'

'એક ડૉલર અને તેર સેંટ!' ટેઝીએ જવાબ આપ્યો.

'એક ડૉલર અને તેર સેંટ!' શું વાત છે! પેલા માણસે જાણે કે એ ખુશીથી ઊછળી પડ્યો હોય તેમ કહ્યું. 'અરે બેટા! આ તો એકદમ બરાબર રકમ છે. નાના ભાઈઓ માટેના ચમત્કારની કિંમત એક ડૉલર અને તેર સેંટ જ થાય છે. કેવો યોગાનુયોગ!



હું એ પૈસા તારી પાસેથી લઈને તને એ ચમત્કાર જરૂર આપી શકીશ. પણ એ પહેલાં ચાલ તું મને તારાં મમ્મી–પપ્પા પાસે લઈ જા!'

પેલા માણસે ટેઝીનો હાથ પકડ્યો. ટેઝી એને પોતાના ઘરે લઈ ગઈ. એ માણસે ટેઝીનાં માબાપ સાથે બધી વાત કરી. બીજા જ અટવાડિયે એક પણ પૈસાના ખર્ચ વિના એન્ડ્ર્યુનું ઑપરેશન શિકાગોની ખ્યાતનામ હૉસ્પિટલમાં થઈ ગયું. એ માટે ટેઝીનાં મમ્મી–પપ્પાને ઘર પણ વેચવું ન પડ્યું. ચમત્કાર વેચનાર એ માણસ હતો ડૉક્ટર કાર્લટન આર્મસ્ટ્રૉંગ—જાણીતો ન્યુરોસર્જન. ટેઝીની વાતે એને એવી તો અસર કરી હતી કે ખરેખર એણે એક ડૉલર અને તેર સેંટમાં ચમત્કાર કરી દીધો!

બીજા અઠવાડિયે એન્ડ્ર્યુ ઘરે આવી ગયો. સાવ સાજોસારો. એ દિવસે રાતના ભોજન વેળા બધાં બેઠા હતાં ત્યારે પોતાના હાથે જ ચમચી વડે સૂપ પીતાં એન્ડ્ર્યુને જોઈને એની મમ્મીની આંખમાંથી આંસુ ટપકી પડ્યાં. એ એટલું જ બોલી શકી, 'ખરેખર, એન્ડ્ર્યુને ચમત્કારે જ બચાવ્યો છે. નહીંતર ખબર નહીં, એની કેટલી કિંમત ચૂકવવી પડત?'

'એક ડૉલર અને તેર સેંટ!' બાજુમાં બેઠેલી ટેઝી બોલી ઊઠી. 'નાના ભાઈ માટેના ચમત્કારની કિંમત થાય એક ડૉલર અને તેર સેંટ! તમને એની ક્યાંથી ખબર હોય?'

'અને પોતાના નાના ભાઈને બચાવવા માટેનો બહેનનો પ્રેમ અને અવિચળ શ્રદ્ધા પણ જોઈએ ને!' ટેઝીના માથે હાથ ફેરવીને એના પપ્પા બોલ્યા. આવી પોતાના અર્થથી અજાણ ટેઝી અને એન્ડ્ર્યુ પહેલાંની માફક જ એકબીજાં સામે જોઈને ખડખડાટ હસતાં હતાં.